# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.13 - Issue 9
September 2020
Price 12/-





આણંદની અમૂલ ડેરીના MD ભ્રાતા અમીતભાઈ વ્યાસને
રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ગીતાબેન.



વડોદરા અટલાદરા સેવાકેન્દ્ર ખાતે મ્યુનિસિપલ કમિશનર ભ્રાતા
નલિનભાઈ ઉપાધ્યાય IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. અરુણાબેન.



કેશોદના DySP ભ્રાતા જયવીરદાન ગઢવી તથા ભગિની
જયશ્રીબા ગઢવીને રક્ષાબંધન કર્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. ગીતાબેન.



ચિલોડા સ્થિત કેન્દ્રીય રીઝર્વ પૉલીસના DIGP ભ્રાતા
કે. એમ. યાદવને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. તારાબેન.



નવસારી ખાતે રક્ષાબંધન કાર્યક્રમમાં કૃષિ યુનિવર્સિટીના
આચાર્ય ભ્રાતા પ્રદીપભાઈ પાંડે સાથે બ્ર.કુ. ગીતાબેન.



કોટડા સંગાણીના પોલિસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ.
ભ્રાતા આર. ટી. ચૌહાણને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. તૃપ્તિબેન.



અમદાવાદ ન્યુ મણિનગર ખાતે શ્રીનંદસીટી ગ્રુપના અગ્રણી
બિલ્ડર ભ્રાતા હરેશભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. સોનલબેન.



માંડલ પાસે વિઝુવાડા આયુર્વેદિક હોસ્પીટલના ઈન્ચાર્જ
વૈદ પંચકર્મ શ્રી નિલેશભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. વનીશાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૩ સપ્ટેમ્બર-૨૦૨૦ અંક : ૦૯

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- રાજયોગ પથથી વિચલિત થનાર...........તંત્રી સ્થાનેથી ..04
- પ્રસન્નતાના પથ પર ....................બ્ર.કુ. શિવાનીબેન ..07
- અમૃતધારા ....................................દાદી જાનકીજી ..08
- ભગવાનની આપના માટેની..........બ્ર.કુ. જગદીશભાઈ ..10
- એક ભરોસો તારો ....................બ્ર.કુ. ભગવાનભાઈ ..12
- યુગ પરિવર્તક પિતાશ્રી ....................બ્ર.કુ. હેમંતભાઈ ..15
- ત્રણ સર્ટિફિકેટ..............................બ્ર.કુ. રમેશભાઈ ..17
- દિવ્યદર્શન ...................................બ્ર.કુ. નંદિનીબેન ..18
- યોગ્યતા, ક્ષમતા, પાત્રતા .................બ્ર.કુ. જયુભાઈ ..20
- વિશ્વ પરિવર્તનનો આધાર..............બ્ર.કુ. નરેન્દ્રભાઈ ..22
- યોગીના લક્ષણો .............................બ્ર.કુ. કેશુભાઈ ..26
- વિશ્વડ્રામાનું ગુઢ રહસ્ય .................બ્ર.કુ. કાન્તિભાઈ ..29
- પ્રભુ તેરે રંગમેં ...............................બ્ર.કુ. બકાભાઈ ..31
- મહાન કોણ બને છે? ......................................32
- પ્રસંગ પરિમલ ................................................34



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર મોકલવાનું સરનામું

**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**

તંત્રી : જ્ઞાનામૃત

જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,

નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**સ્થાનિક સેવાકેન્દ્ર**


**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# રાજયોગ પથથી વિચલિત થનાર આત્માને

જીવનપથના રાહી હે આતમ ! જીવનની કોઈ અણમોલ પળે તેં પરમપિતા શિવ પરમાત્માનો પરિચય મેળવ્યો. પરમાત્મા જેના માધ્યમથી પતિત દુનિયાને પાવન, શ્રેષ્ઠાચારી, સ્વર્ગની દુનિયા બનાવવાનું કાર્ય કરી રહ્યા છે તે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનો પરિચય મેળવ્યો. તારા તે દિવસો તું યાદ કર. કેટલા સોહામણા, સુખદ, અવિસ્મરણીય આનંદના એ દિવસો હતા એ! જીવનની ધન્ય ઘડી હતી. જીવનની સર્વોત્તમ પ્રાપ્તિ હતી ! बचपन के दिन भूला न देना પણ આજે તારી પરિસ્થિતિ જુદી કેમ છે? તું હતાશ કેમ છે? ઉદાસ કેમ છે? તને પ્રભુપિતા માટે પ્રેમ કેમ જન્મતો નથી? તું શા માટે વિકારોની લોભામણી જાળમાં ફસાયો છે? તને પ્રશ્ન થાય છે કે તેં કોનો હાથ પકડ્યો હતો?

તારી સર્વ સમસ્યાઓનો, તારા સર્વ પ્રશ્નોનો ઉત્તર માત્ર આ વાક્યમાં જ સમાયેલો છે. સમગ્ર વિશ્વની સર્વશ્રેષ્ઠ સત્તા હોય, તો એક પરમપિતા પરમાત્મા જ છે. સર્વ સંબંધોની રસનાની શ્રેષ્ઠ અનુભૂતિનો આધાર હોય, તો તે એક પરમપિતા પરમાત્મા જ છે. જીવનની એક એવી મંઝિલ કે જેના પછી કંઈ જ મેળવવાનું બાકી રહેતું નથી તે મંઝિલ પરમાત્મ પ્રાપ્તિ છે. જેમ વિરાટવૃક્ષનો સાર બીજમાં સમાયેલો છે તે રીતે સંસારનો સમગ્ર વિશ્વનો સાર બિંદુ રૂપ એક પરમપિતા પરમાત્મામાં સમાયેલો છે.

તેથી જો શ્રીમતની લક્ષ્મણ રેખામાં રહીને તેં તારી રાજયોગી જીવનની નાવ હંકારી હોય, તો તારે મન કોઈ પ્રશ્ન જ નથી, કોઈ સમસ્યા કે ઉકેલી ન શકાય તેવો સંઘર્ષ નથી. બસ પ્રાપ્તિ જ પ્રાપ્તિ છે ! ખુશીનો ખજાનો તને સદૈવ પ્રાપ્ત થયા જ કરે છે. તું ધરાના કોઈપણ બંધનમાં બંધાયા સિવાય, ફરિશ્તાની જેમ દેહભાનની દુનિયાથી પર રહીને અતીન્દ્રિય સુખના નશામાં ઉડ્યા જ કરે છે. યાદ અને સેવા એ જ તારો મંત્ર બની જાય છે.

પણ સાધનાનો પથ સરળમાં સરળ છે. તો ગહનમાં ગહન છે. તારા સંસ્કારોએ તને અમૃતરસ ચાખવાની સાથે સાથે તને બીજે કંઈ તો ફંટાવી દીધો નથી ને? સંગદોષ, નિંદા, માન સન્માન, દુન્યવી ભોગ વિલાસની લોભામણી જાળ, સુવિધાની અપેક્ષા આદિનાં વમળોમાં તું ફસાયો નથી ને? તારા પ્રભુપ્રેમના નશાને ઘટાડી દીધો તો નથી ને? વિકારોનાં લોભામણાં દૃશ્યોએ, ટી.વી., મોબાઈલ, ઈન્ટરનેટની, ચલચિત્રની આભાસી સૃષ્ટિએ તારી કર્મેન્દ્રિયોને ચલિત તો નથી કરીને ? ગુણગ્રાહી બનવાને બદલે કાગડાની જેમ કચરો, ગંદકી ઉઠાવવાનું, અવગુણો ગ્રહણ કરવાનું કાર્ય તો નથી કર્યું ને? પરમાત્મ પ્રેમનાં ગુણગાનને બદલે તારા મુખે નિંદા, કુથલી કે કડવાં વેણ તો નથી આવ્યાં ને? સ્વયંના પુરુષાર્થને, ઉન્નતિને ધ્યાનમાં લેવાને બદલે અન્ય આત્માઓના પુરુષાર્થની ચિંતાઓમાં, તુલનામાં, તેમના પુરુષાર્થને આધારસ્તંભ બનાવીને જીવનને ઊંધા રાહે તો વાળ્યું નથી ને? કોઈ શું કરે છે તેનું વધારે પડતું ધ્યાન રાખીને તેં મારે શું કરવાનું છે? તે ભૂલાવી દીધું તો નથી ને? નવરું મન શેતાનનું કારખાનું બની જાય છે. જ્ઞાન, યોગ, ધારણાની સૂક્ષ્મતા, ગહનતા, વિચારસાગર મંથન, સાહિત્ય, મેગેઝિન, મુરલી ક્લાસ, અનુભવનું

આદાનપ્રદાન, વિભિન્ન ઈશ્વરીય સેવા આદિ ઉન્નતિનાં સાધનો તારાથી વિસરાય ગયાં નથી ને? તેથી વિપરીત સંગના રંગમાં તું ઊંડો ઊતરતો જતો નથી ને?

વિકારોની લોલુપતાએ તને કર્મભ્રષ્ટ, ધર્મભ્રષ્ટ તો નથી બનાવ્યો ને? તેથી તારાં વાણી અને વર્તનમાં વિરોધાભાસ તો નથી આવ્યો ને? વસ્ત્રાભૂષણો, ખાનપાન આદિની લાલચોને તું વશીભૂત તો નથી થયો ને? પણ હવે આ સર્વે ટીકા ટીપ્પણી કરવાનો વખત નથી. કલ્પની સર્વશ્રેષ્ઠ ઘડીઓ, સંગમયુગની સોનેરી, સર્વોત્તમ ઘડીઓ ચાલી રહી છે. સમગ્ર કલ્પનું શ્રેષ્ઠ ભાગ્ય સંચિત કરવાનો સમય વહી રહ્યો છે. સમય કોની રાહ જુએ છે. તું તારી સર્વચિંતાઓ છોડી દે! દા.ત. તનની, મનની, ધનની અને જનની. દેહ આધારિત ધર્મને અનુસરનારા અનુયાયીઓમાં પણ ધર્મ પ્રત્યે કેટલી આસ્થા, શ્રધ્ધા, દૃઢ વિશ્વાસ અને સમર્પણ ભાવ હોય છે. જ્યારે તારી વાત તો નિરાળી છે. દુનિયા જેને શોધે છે તે સર્વ આત્માઓના પરમપિતા પરમાત્મા શિવે તને શોધ્યો છે. તેનું તું સંતાન બન્યો છે. જીવનમાં જે મેળવવાનું હતું તે તને મળી ગયું હતું. પણ મળેલી મૂડીનું જતન કરવું પડે છે. બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) જીવનની, રાજયોગીની મર્યાદાઓ પર ચાલવું પડે છે. તો જ તેની વિશિષ્ટ પ્રાપ્તિની અનુભૂતિ થાય છે. માટે હે આતમ! ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો અને જાગ્યા ત્યારથી સવાર એ મહાવાક્યોને તું તારી બુધ્ધિ સમક્ષ રાખ. હાલ સર્વ કાંઈ ભૂલીને તું એક પરમપિતા પરમાત્માનું સંતાન છે એ યાદ કર. કવિના શબ્દો તું યાદ કર. 'હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે, પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.' અંતઃકરણના સાચા પશ્ચાતાપથી, પ્રભુ પિતા સમક્ષ તું તારી ભૂલોનો ખુલ્લા દિલે એકરાર કરી લે. પ્રભુ પિતાની પ્રેમભરી દૃષ્ટિ તને સાધના પર ચાલવાનું નવું બળ આપશે. આપણા અલૌકિક પિતા પ્રજાપિતા બ્રહ્મા અને માતેશ્વરીજી જગદંબા સરસ્વતીજીનાં મહાન જીવન વૃતાંતો તું તારી બુધ્ધિ સમક્ષ રાખ.

જીવનના સર્વ પ્રશ્નોને, વાદ વિવાદને, આગ્રહ, પૂર્વગ્રહ, હદમાં લાવનારી સર્વ વાતોને તું ભૂલી જા. કોઈના સ્વભાવ, સંસ્કાર, વાણી, વર્તનને તું ભૂલી જા. તેં કોનો હાથ પકડ્યો છે? તેં કોના માટે સર્વ સમર્પણ કર્યું છે? તું કોનું સંતાન છે? તું કયા વશંનો છે. (શિવવંશી બ્રહ્મામુખ વંશાવલી સર્વોત્તમ બ્રાહ્મણ) ભાવિની અસલામતીની ચિંતા તું છોડી દે. પરમાત્મા સાથે તારો સચ્ચાઈ, સફાઈનો સંબંધ છે. તો સર્વશક્તિમાન પરમપિતા પરમાત્મા તારી સાથે છે. જીવનમાં ગમે તેટલાં વિપત્તિનાં વાદળો આવે, સંબંધોનાં સંકટો આવે, સમસ્યાઓના પહાડ આવે, શારીરિક બીમારીઓ આવે, રાજા હરિશ્ચંદ્રની જેમ તારી કસોટી થાય, આ સર્વ સમસ્યાઓની સામે ઝઝૂમવાનો એક જ રાહ છે. પરમપિતા પરમાત્માની યાદ અને શ્રીમત મુજબનું રાજયોગી જીવન તારી સર્વ સમસ્યાઓ તારાથી ક્રમશઃ વિદાય લેશે. હંમેશાં ગુણગ્રાહી દૃષ્ટિ રાખ, તારી પાસે જે કંઈ છે સ્થૂળ કે સૂક્ષ્મ, તારી જે કંઈ વિશેષતાઓ કે આવડતો છે, તે સર્વને તું ઈશ્વરીય કાર્યમાં જોડી દે. પરમાત્મા પિતા તારી શક્તિઓને અનેક ગણી વધારી દેશે. જીવનને નવો ઘાટ આપશે, નવો આકાર આપશે. જીવન જીવવા જેવું લાગશે.

માટે હે આતમ! તેં પ્રભુપ્રેમનો રસ ચાખ્યો હોય અને કોઈને કોઈ કારણે, બહાને, પરિસ્થિતિવશ, તું આળસ સેવીને પ્રભુપંથથી વિમુખ થયો હોય, તો હવે ઉઠ જાગ. પરમાત્માનો

પ્રેમ તને બોલાવી રહ્યો છે. ઈશ્વરીય પરિવાર તને નિમંત્રણ આપી રહ્યો છે. સેવાધારી બ્રહ્માકુમારી બહેનોના સંકલ્પો હંમેશા તારા કલ્યાણ માટે જ હોય છે. આવી સોનેરી પળો ચાલી જશે. મોતનો કારમો પંજો આવીને ઊભો રહેશે તેની ખબર પણ નહીં પડે. તેં જેને સુખનાં સાધનો માન્યાં છે. તે કાલે અતિ દુ:ખનાં કારણો બની જશે. જે સંબંધોમાં તને સુખનો, મીઠાશનો અનુભવ થાય છે તે ક્યારેક વિઘ્નનો અનુભવ કરાવશે. દેહ આધારિત, વિજ્ઞાન જનીત સગવડોમાં સાચું સુખ નથી. માત્ર તેમાં સુખની ભ્રાંતિ છે, મૃગજળ છે. વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયથી જ તેમાં સુગંધ પ્રગટે છે. માટે પ્રભુ પ્રેમમાં જીવન સાફલ્ય સમજી, તું પ્રભુપિતાનો હાથ પકડ. શ્રીમતનો હાથ અને બુધ્ધિનો સાથ.

આજે સમય છે, કાલે ચાલ્યો જશે. પ્રકૃતિનાં બિહામણાં સ્વરૂપોનું તું દર્શન કરી રહ્યો છે. અણુશસ્ત્રોના ખડકલાઓ વિશ્વ વિનાશ માટે તત્પર છે. ઘાસની જેમ આજે માનવોનો સંહાર થઈ રહ્યો છે. વાર્ધક્ય જીવનની અંતિમ પળોનો સંકેત કરતું આવી રહ્યું છે. અવનવા રોગોનું આક્રમણ ક્યારે થશે તે કહી શકાય તેમ નથી. દા.ત. કોરોના. જીવલેણ અકસ્માતો કહીને આવતા નથી. સાંસારિક સંબંધોમાં સાર રહ્યો નથી. નયનોમાં નેહ રહ્યો નથી. અંતરમાં અમી રહ્યાં નથી. મુખમાં મીઠાશ રહી નથી. ઠેરઠેર સ્વાર્થ, વેરઝેર, કુસંપ, હિંસા, પાપાચાર, વ્યભિચાર, ભ્રષ્ટાચાર, કાળાબજાર, દગાખોરી, શોષણ, અવિશ્વાસ, વિશ્વાસઘાત, અપ્રમાણિકતા આદિ પાશવીલીલાઓનું સામ્રાજ્ય છવાય ગયું છે. તેમાં તને શું ગમે છે? રહેમદિલ પરમાત્મા તને બોલાવી રહ્યા છે. અંત સુધી કુલ રહેમ કરવાની છે. ગમે તેટલાં વિઘ્નો નાંખે, છતાં પણ કહીએ છીએ ભલે ચાલ્યા આવો. પ્રયાસ કરો. મનાઈ નથી. બાપ છે જ ફુલ રહેમદિલ. તમે એમનાં બાળકો છો ને. કહેવાય છે માયાએ ભટકાવી દીધાં છે. છતાં પણ એમની સેવા કરવામાં આવે છે. શરણમાં આવે છે તો એમને બેઠા કરવાના છે. અવગુણોને દૂર કરીને ગુણવાન બનાવવા જોઈએ. બાપ કદી દુશ્મન બની શકતા નથી. બેહદના બાપ કહે છે બાળકો સુખી રહો. રહેમ આવે છે. ક્યાં જશે બીજે તો કોઈ જગ્યા જ નથી. જ્યાંથી બાપનો વારસો લઈ શકે.

(28-05-2018 સાકારવાણી)

હે આતમ! તું બાબાના ઘેર ચાલ્યો આવ. શરમ રાખીશ નહીં. મૂંઝાઈશ નહીં. પરમાત્માનું સાનિધ્ય તને બોલાવી રહ્યું છે. આવ આતમ્! આવ તારા પોતાના ઘેર સ્વાગતમ્. રાજયોગ પથથી વિચલિત થયેલા આત્માઓને આ છેલ્લી તક છે. અભી નહીં તો કભી નહીં.

॥ ઓમશાંતિ ॥

- **આપણે જીવનમાં સદા એક્ટિવ રહેવું જોઈએ. જિંદગીમાં કદી હાર માનવી જોઈએ નહી. આજે આપણે સૌ ડર અને માનસિક તાણના વાતાવરણમાં જીવી રહ્યા છીએ. આપણે આપણી આવનારી પેઢીઓને શું આપીશું? માનવે સદા હકારાત્મક રહીને સદા રચનાત્મક કાર્યમાં જોડાયેલા રહેવું જોઈએ.**
- **સમાજમાંથી અપરાધને દૂર કરવા, દુ:ખ-દર્દમાં રાહત અપાવવા, પ્રકૃતિ અને પુરુષનું રક્ષણ કરવા માટે શુભભાવનાઓનો સંચાર થવો જરૂરી છે. સંસારમાં જો વિશ્વબંધુત્વની સ્થાપના કરવી છે, તો એકબીજા પ્રત્યે હકારાત્મક રીતે વિચારો, સદ્ભાવના પૂર્ણ વ્યવહાર કરો.**

## પ્રસન્નતાના પથ પર

# ભાગ્ય આપણા કર્મોથી બને છે.

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



જીવનમાં ક્યારેક એવું બને છે કે વિચારીએ છીએ તે પ્રમાણે જ થાય છે. બાળપણથી આપણને એવું શીખવાડવામાં આવે છે કે જે કંઈ બને છે તે ભગવાનની મરજીથી બને છે. ઝાડનું પાંદડુ પણ ભગવાનની ઈચ્છાથી હાલે છે. જો આખી દુનિયા ભગવાનની મરજીથી જ ચાલતી હોય, આપણા સર્વનું ભાગ્ય પરમાત્મા લખતા હોય, તો વિચારો આ દુનિયા કેવી હોત. જ્યારે ધરતીકંપ આવે છે તે શું ભગવાન લખે છે? શું ભગવાને આપણા માટે દુઃખ લખ્યું? જો તમે તમારાં સંતાનોનું ભાગ્ય લખશો, કેવું લખશો? તો બે મિનિટમાં જ લખી દઈશું કે એના સંબંધો પણ પરફેક્ટ હશે. એનો પરિવાર કેવો હશે? પરફેક્ટ એની કારકિર્દી કેવી બનશે? પરફેક્ટ. પરફેક્ટથી બીજું લખી જ ના શકો. આપણને બે બાળકો છે. એક આજ્ઞાકારી છે. બીજું મસ્તીખોર નટખટ છે. તમે બન્નેનું ભાગ્ય લખશો, તો કેવું લખશો? પરફેક્ટ લખીશું અને એક સરખું લખીશું. હવે પરમાત્મા તો આપણા બાપ છે. બન્નેનું અલગ અલગ ભાગ્ય લખીશું નહીં. બાળપણથી જ આપણને એવું કહેવામાં આવે છે કે આપણે જેવાં કર્મો કરીશું તેવાં ફળ મળશે. એક બાજુ કહીએ છીએ કે બધું પરમાત્માની મરજીથી થાય છે. બીજું એમ કહીએ છીએ આપણે જેવાં કર્મો કરીએ છીએ તેવું ફળ મળે છે. આ બન્નેને ચેક કરીએ. કયું સાચું છે ને કયું ખોટું છે? આપણા કર્મો શ્રેષ્ઠ છે તો કેટલાંક કર્મો શ્રેષ્ઠ છે તો કેટલાંક સાધારણ છે. આપણાં કર્મો એકસરખાં નથી. જ્યારે બીજીવાર કંઈક બનશે ત્યારે આપણે કહીશું. મારી સાથે આવું કેમ બને છે. તો આંગળી ઉપરની તરફ જતી નથી આપણી તરફ વળે છે. આપણાં કર્મોથી કોઈ ડીસ્ટર્બ ના થવું. જોઈએ. જો મારાં કર્મોથી કોઈ ડીસ્ટર્બ થયું તો મારું મન શાંત રહેશે નહીં. હવે ધ્યાન રાખીએ કે મારાં કર્મ કેવાં હોવાં જોઈએ. આપણું ભાગ્ય લખનાર બીજું કોઈ નથી આપણાં કર્મો જ છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 09નું અનુસંધાન)... અમૃતધારા


નથી. સિત્તેર વર્ષ પહેલાં મનુષ્યનું જે શરીર હતું. જેના દ્વારા એણે પોતાના દાંતથી કોઈને બચકું ભર્યું હતું તો હવે જ્યારે એના તે દાંત જ રહ્યા નથી અને શરીર પણ જર્જર થઈ ગયું છે તથા મોટે ભાગે બદલાઈ ગયું છે ત્યારે એનું ફળ કોણ ભોગવશે? દંડસંહિતાનો એ નિયમછે કે જેણે અપરાધ કર્યો છે તેને સજા મળવી જોઈએ. હવે જ્યારે અપરાધ કરનારા શરીરની જગાએ લગભગ બીજું જ શરીર આવી ગયું, તો એ બીજા શરીરને દંડ મળવો એ ન્યાયની બાબતમાં વિરૂદ્ધ ગણાશે. તેથી સૌથી પહેલાં આ સત્ય સિદ્ધાંતના જ્ઞાનની જરૂર છે કે કર્તા અને ભોક્તા એક ત્રૈકાલિક સત્તા આત્મા જ છે. તે મારું સ્વત્વ છે. હું જ મારા કર્મના બંધનમાં બંધાઈને પોતાના જ દંડનો પાયો નાખું છું. હું આ બંધનમાંથી મુક્ત બનું તેવાં કર્મો પણ કરી શકું છું.

॥ ઓમશાંતિ ॥

## અમૃતધારા

# કર્મનું ફળ

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



શિવબાબા આવ્યા છે આપણા સર્વ મનોરથો પૂર્ણ કરવા. પણ જ્યારે આપણું દિલ સાફ હોય છે ત્યારે મનોરથો પૂર્ણ થાય છે. સાફ દિલથી મનોરથો સફળ થાય છે. ઈચ્છાઓ સારી ઉન્નતિ કરાવે તેવી હોવી જોઈએ. જેમાં અન્યનું પણ કલ્યાણ સમાયેલું હોય, તો ઈચ્છાઓ અવશ્ય પૂરી થાય છે. પણ શરત છે કે દિલ સાફ હોવું જોઈએ. બાબા કહે છે બાળકો, સ્વધર્મમાં સ્થિત થઈ જાઓ. સ્વધર્મમાં સ્થિત થવા માટે મનથી શાંત અને વાણીથી પણ મૌન રહેવું મુખ્ય જરૂરી છે. જેટલા મૌનમાં રહીશું એટલી મનની એકાગ્રતા સહજ, સારી અને સ્થિર બની શકે છે. આવશ્યક વિનાના બોલ પણ મનની એકાગ્રતા માટે વિઘ્ન રૂપ છે. તે બુદ્ધિને સ્થિર, શાંત થવા દેતા નથી. કાચબો જેમ જરૂરી હોય ત્યારે કર્મેન્દ્રિયોનો ઉપયોગ કરે છે અને જરૂર ના હોય ત્યારે અંગો સમેટી લે છે. આ રીતે સ્વધર્મમાં સ્થિત થઈએ. હું આત્મા કર્મેન્દ્રિયો દ્વારા કાર્ય કરાવી રહ્યો છું. તેનું ભાન રહે. બાબાનું સત્યધર્મની સ્થાપનાનું કાર્ય ચાલી રહ્યું છે. તેમાં હું મદદગાર છું. મારાં મન, વચન, કર્મ, સત્યધર્મની સ્થાપના માટે છે.

ધર્મની પાલનામાં આપણે કોઈપણ હાલતમાં નીચે ના આવીએ. સ્વધર્મમાં સ્થિત રહીએ. મહેનત ના કરવી પડે તેવી સાહજિક અડોલ સ્થિતિ બની રહે. જો કોઈ સમયે કોઈ થોડો ઘણો સહયોગ આપે છે જે સેવા કરે છે એનું બાબા (પરમપિતા શિવ પરમાત્મા) રીટર્ન આપે છે. ભક્તિમાર્ગમાં પણ કોઈ હોસ્પિટલ ખોલે છે તો બાબા તેનું રીટર્ન કરે છે. આપણે જોઈ રહ્યા છીએ કે કોઈપણ આત્મા કંઈપણ સેવા કરે છે તો ભગવાન એને એનું ફળ આપે છે. કોઈ આત્માએ કરેલી સેવા બદલ જો હું ફળ આપું છું તો તે આત્માને હું ભગવાનથી વંચિત કરું છુ તો હું પાપ કરું છું. (કોઈપણ સ્વરૂપે) એને રીટર્ન કરું છું તો એને એવું લાગે છે તેઓ મારા માટે કરે છે. આનાથી કર્મનો હિસાબ કિતાબ બંધાય છે. કોઈ ગમે તેટલું કરે અને આપણે આભાર ના માનીએ એમ નહીં. આભાર ના માનવો તે સભ્યતા નથી. પણ એનો અર્થ એ નહીં કે હું સહયોગ આપનારના ગુણ ગાયા કરું. આવું ન બનવું જોઈએ. હું શા માટે ગુણ ગાઉં. એને ભાગ્ય બનાવવાની તક મળી છે. તેના બદલામાં તેને ખુશી મળે છે. બાબા સર્વને પ્રત્યક્ષફળ ખુશી આપે છે. હું શુભ ચિંતક છું તો બાબાને રીટર્ન આપવા દઉં. બાબા જે રીટર્ન આપશે, તે હું નહીં આપી શકું. દરેક આત્માનું ધ્યાન બાબા તરફ જાય તેવી આપણી સેવા હોવી જોઈએ. સહયોગ કરનાર સિકીલધા (પાંચ હજાર વર્ષ પછી મળેલા) લાડલા સંતાન બનીને પૂરો વારસો લે. મારા લાડલા ના બને. આપણી ભાવના અનાસક્ત હોય, પોતાની કોઈ આસક્તિ ના હોય.

દરેક આત્માનું ધ્યાન સ્વયં તરફ ના ખેંચાવીને બાબા તરફ ખેંચાવવું આ શુભ ભાવના છે. આપણા સુપ્રીમ ટીચર કહે છે કે જે હું સમજાવી રહ્યો છું, જે રીતે સમજાવી રહ્યો છું તેવું તમારી

બુદ્ધિમાં બેસી જાય. કારણ કે કોઈ વાત બાકી રહી જશે, તો અભૂલ નહીં બની શકાય. આત્મ અભિમાની હોતા નથી યા ડ્રામા ઉપર વિશ્વાસ ના હોવાને લીધે ભૂલ થાય છે. જો આત્માનું સંપૂર્ણ જ્ઞાન બુદ્ધિમાં છે, તો દુઃખ યા અફસોસની કોઈ વાત જ નથી.

કેટલાકને દુઃખ નથી થતું પણ થોડો અફસોસ થાય છે. દુઃખ, શોક, અફસોસ થાય છે. દુઃખ, શોક, અફસોસ ત્રણેમાં ફરક છે. દુઃખ માટે કહેવાય છે ના દુઃખ આપો, ના દુઃખ લો. પણ એવું નહીં કે થોડો અફસોસ પણ ના કરો. શોક થાય છે તે પણ સારું લાગતું નથી. જો આત્માનું જ્ઞાન સારી રીતે જેવું છે તેવું બુદ્ધિમાં બેસી જાય છે તો આ વાતથી મુક્ત રહી શકાય છે. આ આત્મ અભિમાની સ્થિતિ દુઃખ અફસોસ થવા દેતી નથી. આપણી રુહાની કમાણીનો આધાર છે. દેહી અભિમાની સ્થિતિ. જે હું શબ્દથી ઉન્નતિ થાય છે તે જ શબ્દથી અવનતિ થાય છે. હું કહેતાં જ આત્માનું પોતાનું સ્વરૂપ તથા પોતાના શ્રેષ્ઠ ગુણ સ્મૃતિમાં આવી જાય.

એ વાત તો સૌ માને છે કે મનુષ્ય કર્મ વગર રહી શકતો નથી. કોઈપણ કર્મને છોડી દેવું તે પણ એક કર્મ છે. એને રોકી દેવું એ પણ કર્મ છે અને એને ન કરવાની ચેષ્ટા કરવી તે પણ એક માનસિક કર્મ છે. જે આત્મા આ કર્મ ક્ષેત્ર પર આવી જાય છે અને શરીર રૂપી કર્મેન્દ્રિયોનો સાથ લે છે. તે કર્મ વિના રહી શકતો નથી. નિદ્રા કરવી પણ એક કર્મ છે, જે શરીરને વિશ્રામ આપવા માટે કરવામાં આવે છે.

લોકો એ પણ માને છે કે મનુષ્ય જેવું કર્મ કરે છે તેવું જ ફળ તે ભોગવે છે. મનુષ્યને એ ખબર પડતી નથી કે કયું ફળ ક્યા કર્મનું પરિણામ છે. કર્મનું ફળ એને વહેલા યા મોડેથી મળે છે. પરંતુ જે કર્મ કરી લીધું છે તેનું ફળ તો ભોગવવું પડે છે. મનુષ્ય એને ભોગવવા ન ઈચ્છે, તો પણ એનાથી મુક્ત થઈ શકતો નથી એનાથી મુક્ત થવાનો એક માત્ર ઉપાય યોગ તપસ્યા છે. કેટલીક વાર મનુષ્ય દ્વારા કરવામાં આવેલું નીચલીકક્ષાનું કર્મ એટલું બળવાન હોય છે કે એ એના મનને યોગમાં રસ લેવા દેતું નથી.

જ્યારે કર્મ અને એનું ફળ નક્કી છે અને મનુષ્યે કર્મ કરવાનું જ છે તો મનુષ્યે વિચારવું જોઈએ કે એણે શું કરવાનું જ છે. મનુષ્યનું કોઈ પણ કર્મ ઉદ્દેશ્ય વગરનું હોતું નથી. જ્યારે કોઈ મનુષ્ય કહે છે કે હું આ કર્મ તો એમ જ કરું છું. તે માટે મારા મનમાં કોઈ લક્ષ્ય નક્કી નહોતું આવી પરિસ્થિતિમાં પણ કોઈને કોઈ ઉદ્દેશ્ય તો હોય છે જ. એના ચેતન મનમાં એ સ્પષ્ટ ના હોય કે એનો ઉદ્દેશ્ય શું છે પરંતુ એના અવચેતનમાં તો કોઈ ઉદ્દેશ્યથી જ તે કર્મ માટે પ્રેરિત થાય છે.

તેથી જો કર્મ કર્યા વિના કોઈ રહી શકતું નથી તો એનું ફળ પણ અવશ્ય ભોગવવું પડે છે. કર્મનો ઉદ્દેશ્ય તો હોય છે જ. તો મનુષ્ય કર્તા અને ફળ ભોક્તાને જાણવાનો પ્રયત્ન કરે. કર્મની ગતિનું જ્ઞાન પ્રાપ્ત કરે અને કર્મના મૂળ લક્ષ્યને પણ જાણે. આ સંસાર તો પરિવર્તનશીલ છે અને મનુષ્યનું શરીર પણ પરિવર્તનના નિયમને આધીન છે. ત્યારે અવશ્ય જ કોઈ એવો શાશ્વત અથવા નિત્ય કર્તા છે જે કેટલાંયે વર્ષો પછી અથવા કેટલાયે જન્મો પછી પણ તેનું ફળ ભોગવે છે.

જો શરીરથી ભિન્ન કોઈ શાશ્વત અને નિત્યકર્તાને ના માનવામાં આવે અને આ પરિવર્તનશીલ શરીરને જ કર્તા, ભોક્તા માનવામાં આવે તો આ શરીરનો અંત થયા પછી એના કર્મોનું ફળ કોણ ભોગવશે જેનું ફળ અત્યારે તો મળ્યું જ

**(અનુસંધાન પેજ નં. 07 પર)**

# ભગવાનની આપના માટેની યોજના (પ્લાન)

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



શું આપણે ભગવાનના અરમાનો પૂરા કરીએ છીએ? જેમાં આપણા અરમાનો પણ સમાયેલા છે. આ સંગમયુગનું જીવન હીરાતુલ્ય છે. એને એમનેમ જ પૂરું કરી દીધું તો શું કર્યું? જે કંઈ હતું તે લૂંટાવીને હોશમાં આવ્યા તો તેનો શો ફાયદો. દરેક ઈચ્છે છે કે મારું જીવન સફળ થાય. વિશેષ હોય. બાબા પણ કહે છે કે દરેક આત્મા વિશેષ હોય. ભગવાન સત્યસ્વરૂપ છે એટલે એમના બોલમાં સત્ય છે. એમનો એક એક અક્ષર સત્ય છે કારણ કે તેઓ સત્ય સ્વરૂપ છે. મીઠાઈને જે બાજુથી ખાઓ તેમાં મીઠાશ હશે, નમકીનમાં નહીં, સત્ય સ્વરૂપ જે ભગવાન છે એમની કહેલી બધી વાત સત્ય છે. તેઓ શું કહે છે તમે મારાં વિશેષ બાળકો છો. આપ કરોડોમાં એક છો. આપને વીણી વીણીને મેં મારાં બાળકો બનાવ્યાં છે.

ભગવાનનો આપણા માટે એક પ્લાન છે. તે આપણને પસંદ કરીને એમનેમ તો નહીં લાવ્યા હોય. આપણે કોઈ ચીજ બજારમાંથી શોધી શોધીને લાવીએ છીએ, તો એ ખરીદવા પાછળ આપણો કોઈ ઉદ્દેશ્ય હોય છે. એને આ રીતે કામમાં લઈશું. ભગવાન તો પરમ બુદ્ધિવાન છે. એમના જેવું બુદ્ધિવાન બીજું કોઈ નથી. તેઓ બુદ્ધિવાનોના પણ બુદ્ધિવાન છે. તેઓ આપણને કરોડોમાંથી પસંદ કરીને લાવ્યા છે, ઘણા પ્રેમથી. તેઓ તો ભવિષ્યદૃષ્ટા છે. કેટલીકવાર કહેવામાં આવે છે પ્રાચીન ઋષિમુનિ ભવિષ્યદૃષ્ટા હતા. પણ એમણે કેવું ભવિષ્ય જોયું હતું? તેઓ ભવિષ્ય સૃષ્ટા તો નહોતા. એમણે કોઈ સતયુગની સ્થાપના કરી નહોતી. યુગ પરિવર્તનનું કાર્ય પણ કર્યું નહોતું. મનુષ્યમાત્રના ભાગ્યની રેખાઓ પણ બદલી નથી. પરંતુ પરમાત્માતો વિધિના વિધાતા છે. નવા જગત (સતયુગ)ના નિર્માતા છે. જો એમણે આપણને પસંદ કર્યા છે તો કયા હેતુથી પસંદ કર્યા છે. એમને સતયુગનું નિર્માણ કરવાનું છે એટલે આપણને વીણી વીણીને પસંદ કર્યા છે. એમના મનમાં એ છે કે મારાં બાળકો (બ્રહ્માવત્સો)ને સતયુગના લાયક બનાવું. આ એમનો સંકલ્પ છે, અને ભગવાનનો સંકલ્પ અટલ છે. એમનું જે ચિંતન ચાલે છે તે અમરચિંતન હોય છે. એમના રસ્તાને કોઈ પહાડ પણ રોકી શકતો નથી. કોઈ તોફાન પણ એમને અટકાવી શકતું નથી. એમનું દરેક તીર અચૂક છે જે નિશાનને તાકે છે. કારણકે તેઓ સર્વશક્તિમાન છે. પરમ પવિત્ર છે અને ભવિષ્યને સ્પષ્ટ રૂપે જોઈ શકે છે. એની સાથે કાર્ય કરવામાં પણ સમર્થ છે એટલે એમનો પ્રહાર કઈ રીતે ખાલી જઈ શકે? તેઓ સ્વયં કહે છે કે તમે મારાં શિષ્ય બાળકો છો. હું સ્વયં આપને લઈને આવ્યો છું.

પરમાત્મા એ પણ કહે છે કે સતયુગના નિર્માણમાં આપ વિધાયક છો. કાયદા ઘડનારા તો 'મનુ' કહે છે. જેમણે 'મનુસ્મૃતિ' લખી. એમણે પણ બીજા કેટલાય ગ્રંથો લખ્યા છે પણ આ ગ્રંથોમાંથી 'મનુસ્મૃતિ' પ્રસિદ્ધ ગ્રંથ છે. ધર્મ શું છે, અધર્મ શું છે, શું કરવું જોઈએ શું ના કરવું જોઈએ. આ દ્વાપરયુગથી ચાલી આવતી મર્યાદાઓ મનુએ લિપિબદ્ધ કરી છે. જેનું નામ થયું 'મનુસ્મૃતિ'. આજ સુધી લોકો તેને ધર્મશાસ્ત્ર માનતા હતા. એ

અનુસાર જ બ્રાહ્મણ લોકો પંડિત, પૂજારી વર્ગ ચાલે છે. પરમાત્માએ જે નિયમો બનાવ્યા છે એ દુનિયા સમક્ષ મૂકી રહ્યા છીએ. વાસ્તવમાં આજ એ નિયમો છે તેથી સંસાર લો ફુલ બને છે. જેમાં નિયમોનું ઉલ્લંઘન કરનાર રહેશે નહીં. આજે કલિયુગમાં કાયદા બનાવનાર અલગ છે. કાયદાનું પાલન કરાવનારા અલગ છે. જે કાયદો તોડે તેને પકડનાર અલગ છે. અદાલતોમાં કાયદાનું અર્થઘટન કરનાર અલગ છે. આટલા બધા કાયદાઓ હોવા છતાં અરાજકતા છે. ન્યાયાધીશ જજમેન્ટ આપે છે. હાઈકોર્ટના જજમેન્ટથી નારાજ થઈને આગળ સુપ્રીમ કોર્ટમાં જાય છે. કેટલીક વાર અંતિમ અને સાચો ન્યાય મળે છે. એમાંને એમાં કેસ કરનાર મરી પણ જાય છે. એની હયાતીમાં જજમેન્ટ આવતું નથી.

બાબાએ બ્રહ્માવત્સોને કહ્યું છે તમે કાયદાઓ ઘડનારા છો. આપનું ભવિષ્ય શું છે? લોકો જ્યોતિષીઓને પોતાનો હાથ ભવિષ્ય જાણવા માટે બતાવે છે. પણ પરમાત્મા આપણા ભાગ્યની રેખાઓ યોગબળથી લાંબી કરે છે. જે ભાઈબહેનો બીજાઓને જ્ઞાન આપે છે, યોગ શીખવાડે છે, પવિત્ર બનાવે છે એમણે પણ એમના ભાગ્યની રેખાઓ બનાવી. દુનિયામાં એવું કોઈ નથી જે 5000 વર્ષ સુધી કોઈના ભાગ્યને શ્રેષ્ઠ બનાવી શકે. સતયુગ અને ત્રેતાયુગના 2500 વર્ષો સુધી કોઈપણ પ્રકારના દુઃખ, અશાંતિ, તન, મન, ધનનો અભાવ રહેશે નહીં.

જો આપણે બાપ (પરમાત્મા) સમાન બનવા ઈચ્છીએ છીએ, બાપનાં અરમાનો પૂરાં કરવા ઈચ્છીએ છીએ, તો કેટલીક મુખ્ય વાતો જાણવી જરૂરી છે. એમાંથી એક '**मामेकम् शरणम् व्रज**' એક મારી શરણમાં આવો. આ જ્ઞાનનું યોગનું, ધારણાનું, આધ્યાત્મિક જીવનનું એક મહત્ત્વપૂર્ણ વાક્ય છે. માત્ર મહત્ત્વપૂર્ણ જ નહીં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. જો એને ચૂકી જશો, તો જ્ઞાન, યોગ વગેરે બાબતોથી ચૂક થઈ જશો. આગળ કહેવામાં આવ્યું છે मोक्षयिष्यामि मा शुचः હું સર્વ પાપોથી મુક્ત કરીશ. જેમ કોઈ મિત્ર કહે છે કે હું બેઠો છું ને. ફલાણા મારા પરિચિત છે, ફલાણા મારા સંબંધી છે, મારી પાસે પૈસા છે. તું શા માટે ચિંતા કરે છે? બધું મારા ઉપર છોડી દે. તું ચાલ, ચિંતામુક્ત બની જા. તું શા માટે માથું ભારે કરીને બેઠો છે? ચાલો, થોડું હસી લો. આ બધું કહેનાર મનુષ્ય છે, અહીં તો સ્વયં પરમપિતા પરમાત્મા કહે છે. આ વાતો કોઈ ગુરુ કરી શકે તેમ નથી. મુક્તિ અને જીવનમુક્તિ દાતા તો એક પરમાત્મા જ છે. કઈ મુક્તિના દાતા? વિતકોની મુક્તિના, ચિંતાઓની મુક્તિના, દુઃખોથી મુક્તિના સર્વ પ્રકારના એક દાતા છે. એટલે કહેવાય છે કે सबका दाता एक राम પરમાત્મા કલ્યાણકારી છે અર્થાત્ કોઈ અન્ય કલ્યાણકારી નથી. બીજું કોઈ ગતિ સદ્ગતિ દાતા નથી.

**॥ ઓમશાંતિ ॥**

---

### (પેજ નં. 31નું અનુસંધાન)... પ્રભુ તેરે રંગમેં

કહેવાય છે કે 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જેને' જેને બીજા શબ્દોમાં કહીએ તો હરિના રંગે રંગાવું એ માસીનું ઘર નથી. આળસ, અલબેલાપણું, કાયરતા, સંશય, સંગદોષ કે પાંચ વિકારોરૂપી માયાજાળમાં જે ફસાયેલો રહે છે તેના માટે તો પ્રભુપ્રાપ્તિનો માર્ગ કઠિન છે. ઈશ્વરીય જ્ઞાનના પ્રકાશથી જ આત્મામાં પરમ તેજ પ્રગટે છે અને અંતે અંધારું ઉલેચાઈ જતાં આત્માના સાચા સ્વરૂપનો અનુભવ થાય છે.

**॥ ઓમશાંતિ ॥**

# એક ભરોસો તારો

બ્ર.કુ. ભગવાનભાઈ, શાંતિવન, આબુરોડ

અધ્યાત્મ એક અતિસૂક્ષ્મ વિજ્ઞાન છે. યોગસાધના કરનાર કેટલાયે પ્રકારના હોય છે. એમને મુખ્ય બે વર્ગોમાં વિભાજિત કરી શકીએ છીએ. એક તે હોય છે જે પોતાની શક્તિઓને જગાડવાનો પુરુષાર્થ કરે છે. એમને માત્ર પોતાની આંતરિક શક્તિઓ પર વિશ્વાસ હોય છે. તેઓ એટલા આત્મવિશ્વાસી હોય છે કે પોતાના આત્મવિશ્વાસના બળ પર કંઈક અદ્‌ભુત કરીને બતાવે છે. તેઓ જે કાર્યને નિશ્ચયપૂર્વક કલ્યાણની ભાવના સાથે કરે છે એમાં એને સફળતા મળે છે. પરંતુ એમને પોતાની આત્મિક શક્તિથી અલગ અલૌકિક શક્તિ (પરમાત્મા) ઉપર વિશ્વાસ હોતો નથી. ગહન અર્થમાં પણ આધ્યાત્મિક વ્યક્તિત્ત્વ હોય છે.

બીજા અધ્યાત્મના એવા સાધક હોય છે તેઓ પોતાની અલૌકિક શક્તિઓ પર વિશ્વાસ હોવાની સાથે સાથે પરમાત્માની દિવ્યશક્તિઓ પર પણ પૂરો વિશ્વાસ હોય છે. પરમાત્મા ઉપર ભરોસો હોવાના કારણે એમનો આત્મવિશ્વાસ અધિક પ્રબળ બની જાય છે. તેઓ કોઈપણ કાર્યને પૂરી તલ્લીનતા, કર્મઠતા અને નિષ્ઠાથી કરતાં પોતાની પૂરી ઉર્જા એમાં લગાવી દે છે. આત્મિક શક્તિ અને પરમાત્મ શક્તિથી એમનાં સર્વકાર્ય સંપન્ન થાય છે. નિશ્ચયપૂર્વક જે પરિણામ આવે તેને પરમાત્માને સમર્પિત કરી દે છે. આવા સાધકોની સ્થિતિ સફળતા અને અસફળતામાં એકરસ રહે છે.

આ બન્ને વર્ગોના સાધકોની આંતરિક ઉપલબ્ધિઓમાં કેટલીક સમાનતા અને કેટલીક અસમાનતા હોય છે. બન્ને પ્રકારના સાધક બેહદ ભાવ ઉર્જાથી સંપન્ન બને છે. આમ છતાં તેમની વચ્ચે અંતર તો હોય છે. ઊંડાણથી જોઈએ તો બન્નેના લક્ષ્યમાં પણ અંતર હોય છે. આધ્યાત્મિક હોવા છતાં પહેલા વર્ગના સાધકોની સ્થિતિને અને બીજા વર્ગના સાધકોની સ્થિતિને ક્રમશઃ હદ અને બેહદની કહેવામાં આવે છે. ભાવાર્થ એ છે કે બન્નેની પ્રાપ્તિઓમાં મોટું અંતર હોય છે.

પરમાત્મા પર નિશ્ચય રાખનારા સાધકોની ભાવભંગિમાનું વર્ણન કરીએ. નિશ્ચય, વિશ્વાસ, નિષ્ઠા, શ્રધ્ધા અને ભરોસો આ સર્વ પર્યાયવાચી શબ્દો છે. આમ છતાં એમના અર્થની ભાવ ઉર્જામાં સઘનતા અને ગહનતાનું અંતર હોય છે. આરોહણમાં જો એને ક્રમબદ્ધ કરીએ તો આ રીતે લખી શકાય. શ્રધ્ધા, નિષ્ઠા, વિશ્વાસ, નિશ્ચય અને ભરોસો. ભરોસો એ નિશ્ચયથી પણ આગળની વાત છે. નિશ્ચયનું પરિપક્વરૂપ ભરોસો છે. સર્વના ભાવ અર્થમાં જઈએ તો વિષયનો અધિક વિસ્તાર થઈ જશે. એટલે વિષયને સામે રાખીને ભરોસાની યથાર્થ પરિભાષાને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ.

ભરોસાની આધ્યાત્મિક પરિભાષા અતિ ગહન છે. ભરોસાનો અર્થ છે. એક એવી ભાવસ્થિતિનું હોવું જેમાં એક આંતરિક જાગૃતિ રહે છે કે એક એવી પરમશક્તિ પણ છે જે આપણા સૌની શક્તિઓ કરતાં ઉપર છે. એક એવી આધ્યાત્મિક જાગૃતિ જેમાં આપણી આંતરિક ચેતના એ સમજી રહી હોય છે કે આપણે એક પરમશક્તિ સાથે પોતાની નજીકતા સાથે જોડાયેલા છીએ. જેનાં આત્માની આંતરિક સ્થિતિની સૂક્ષ્મતા દ્વારા અનુભવ કરી શકાય છે. એક એવી

આંતરિક જાગૃતિ જેને પરમશક્તિ (અવ્યક્ત શક્તિ)ના અસ્તિત્વ પ્રત્યે સદાયે સ્વીકાર ભાવ બનેલો રહે. આ સ્વીકારભાવ જ ગહન અર્થમાં સમર્પણ છે. આ ભાવસ્થિતિમાં પોતાની આંતરિક શક્તિઓનો પ્રભાવ ગૌણ રહે છે. અને પરમાત્મ શક્તિઓનો પ્રભાવ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થવા લાગે છે. પરમાત્મ શક્તિઓ ઉપર ભરોસો કરનાર યોગી સ્વયં શક્તિશાળી હોવા છતાં પરમાત્મ શક્તિઓ પર ભરોસો કરે છે.

અલૌકિક અનુભૂતિઓનાં અંતર દ્વારથી સમર્પણ ભાવ જન્મે છે. આ સમર્પણ કોઈપણ પ્રકારના ભય યા ચમત્કારના પરિણામે હોતો નથી. તે સ્વતઃ સ્ફૂર્ત હોય છે. જે અધ્યાત્મના સાધક એને સમજી શકતા નથી તે સાધનાનું અલૌકિક સુખ લેવાથી વંચિત રહી જાય છે. બેહદની સમર્પણમયતા અંદરથી ઉપજે છે પરમશક્તિની અવ્યક્ત શક્તિઓનો પ્રવાહ આવા આત્માઓના માધ્યમથી જ થાય છે. પરમાત્મ-શક્તિને જાણવી, માનવી, સમજવી, નિશ્ચય કરવો અને ભરોસો કરવો. 'ભરોસો' એ સૌથી ઉચ્ચત્તમ માનસિક સ્થિતિ છે. ઈતિહાસ સાક્ષી છે કે કેટલાક એવા આત્માઓ પણ થયા છે જેને પરમાત્માનો યથાર્થ પરિચય નહોતો. છતાં પણ એમણે પરમાત્મા પર ભરોસો કર્યો. એમના અંતઃકરણમાં માત્ર શ્રધ્ધા પ્રગટી. આ અંકુર જ ભરોસાનું વૃક્ષ બની ગયું. આવા અપવાદોના વિષયમાં પણ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી એ કહી શકીએ છીએ કે એમનું અંતર્મન દિવ્ય સત્તા પરમાત્માને જાણવા, સમજવા અને માનવાની સ્થિતિમાં હોય છે. એમના અંતર્મને એમને ભરોસો રાખવા માટે પ્રેરિત કર્યા હતા. તેઓ એવાં આધ્યાત્મિક વ્યક્તિત્વ હતાં જેમણે પરમાત્મ ભરોસાના બળ પર સંસારને ચમત્કૃત કરી દીધો હતો. એમને જોઈને અનેક આત્માઓ પારલૌકિક સત્તા પરમાત્માની દિવ્યશક્તિઓ પ્રત્યે પ્રેરિત થઈ. અનેકોના મનમાં અસીમ આસ્થા જાગી.

ભરોસા શબ્દનો સાચો મનોવૈજ્ઞાનિક અર્થ આશ્ચર્યચકિત કરનારો છે. કહે છે કે વિશ્વાસ આંધળો હોય છે. પણ મનોવૈજ્ઞાનિક કહે છે એને આ સ્થૂળ નેત્રો દ્વારા જોઈ શકતા નથી. એને વિશ્વાસની આંખ જોઈ લે છે. તે આંખ બીજું કંઈ નહીં પણ દિવ્યબુદ્ધિ જ છે. સંપૂર્ણ ભરોસાની માનસિક સ્થિતિમાં તે દિવ્ય બુદ્ધિનું નેત્ર સક્રિય હોય છે. ભરોસાની ભાવ-દશામાં આત્માનું પ્રેમસ્વરૂપ સક્રિય હોય છે. મન બુદ્ધિની પૂરી શક્તિ એને એક ચૈતન્ય શક્તિ તરફ જ એકાગ્ર થઈ જાય છે. આવી સ્થિતિમાં એક અદ્ભુત વાત એ હોય છે કે શક્તિ પોતાનું વિરાટ સ્વરૂપ લઈ લે છે. જેના ઉપર ભરોસો રાખનારા તરફ પ્રવાહિત થવા લાગે છે. પરિણામ એ હોય છે કે આવા આત્માઓ અત્યંત સુખદ શક્તિશાળી, એકાગ્ર અને અલૌકિક આનંદનો અનુભવ કરે છે. કોઈ વિશેષ સ્થિતિઓમાં આવા આત્માઓ પોતાની પણ સુધબુધ ભૂલીને પરમાત્મશક્તિને પોતાનું લક્ષ્ય બનાવી દે છે.

એવું નથી કે જેને પરમાત્મ શક્તિ પર પૂર્ણ ભરોસો હોય છે એમના જીવનમાં વિષમ પરિસ્થિતિઓ આવતી નથી. પરિસ્થિતિઓનો તો ત્રણે કાળ સાથે સંબંધ હોય છે. પરિસ્થિતિઓનો તો સૃષ્ટિચક્રના અંત સમય સાથે સીધો સંબંધ છે. રૂપ અલગ હોઈ શકે છે પણ પરિસ્થિતિઓ તો કોઈના જીવનમાં ટકોરો મારી શકે છે. પણ એક બળ એક ભરોસાની મનોસ્થિતિવાળા આત્માઓ એના પ્રભાવથી મુક્ત હોય છે. તેઓ વિષમ પરિસ્થિતિઓમાં પણ વિચલિત થતા નથી, તટસ્થ રહે છે. શક્તિઓનો પ્રયોગ કરવાની જાગરુકતા

એને રહે છે. તેઓ અદૃશ્યશક્તિ પરમાત્માથી અલૌકિક શક્તિઓની પ્રાપ્તિઓથી સંપન્ન બને છે. એમના અલૌકિક અનુભવોમાં ખામી આવતી નથી.

અત્યારે આપણે સમયના એક વિશેષ મોડથી પસાર થઈ રહ્યા છીએ. હવે પરમશક્તિ પરમાત્માનો વિશેષ અનુભવ કરી શકાય છે. જો એમના પરમ જ્ઞાનમાં આપણને નિશ્ચય છે, એમના કર્તવ્યો પર વિશ્વાસ છે, શ્રેષ્ઠ વિચારોની મૂડી આપણી પાસે છે, એમણે શીખવાડેલી આત્મ-સાધનાની પ્રાપ્તિઓ પર આપણને નિશ્ચય છે. એનો અર્થ છે કે આપણી આંતરિક સ્થિતિ પોતાની ઊંચાઈઓનાં સોપાન ચઢી રહી છે. તેથી આપણે કહી શકીએ છીએ કે પરમાત્મા ઉપર અમને ભરોસો છે. તેઓ જ આપણા કલ્યાણકારી છે. તે કદમ કદમ પર આપણા સાથી છે. તેઓ આપણને તેમના જેવા બનાવવા માટે કૃતનિશ્ચયી છે. આપણે એ એકની છત્રછાયા પર ભરોસો છે. પરમાત્મા ત્રણે કાળ આપણો સંબંધ નિભાવશે.

પરમાત્માની દિવ્યશક્તિઓ પર ભરોસો કરનારા આત્માઓ સર્વ પ્રકારથી વિજયી બનશે. એમની સાધના પોતાનો રંગ બતાવશે. તેઓ વિષમ પરિસ્થિતિઓમાં અચલ અડોલ રહેશે.

॥ ઓમશાંતિ ॥

---

(પેજ નં. 17નું અનુસંધાન)... **ત્રણ સર્ટિફિકેટ**

નારદજી ખુશ થતા બ્રહ્મા પાસે આવીને લીસ્ટ આપીને કહ્યું જુઓ, હું કહેતો હતો કે હું સર્વ શ્રેષ્ઠ ભક્ત છું. મારું નામ પ્રભુના લીસ્ટમાં સર્વ પ્રથમ છે. બ્રહ્માજી હસ્યા અને કહ્યું નારદજી આપ પુનઃ વિષ્ણુજી પાસે જાઓ અને પૂછો કે ભગવાન જેમને તમે ખૂબ યાદ કરો છો એ ભક્તોનું જે નાનું લીસ્ટ છે તે આપો. નારદજી ભગવાન પાસે ગયા ભગવાન પાસે એનું લીસ્ટ માંગ્યું જેને સ્વયં ભગવાન યાદ કરે છે તે લીસ્ટમાં હનુમાનજીનું નામ સર્વ પ્રથમ હતું. નારદજીનું તેમાં નામ જ નહોતું ત્યારે નારદજીનો અહંકાર ઉતરી ગયો.

તેજ પ્રમાણે અત્યાર સુધી ભક્તિ માર્ગમાં આપણે ભગવાનને યાદ કરતા આવ્યા. વર્તમાન સંગમયુગે સ્વયંમ્ ભગવાન આપણને ભણાવી રહ્યા છે ત્યારે જે બાળકો સાચા દિલથી બાબાને યાદ કરે છે અને નિઃસ્વાર્થ ભાવથી સેવા કરે છે તેને સ્વયં શિવબાબા યાદ કરે છે એવા બાળકોની બાબા માળા જપે છે. અને ત્યારે આપણને **પ્રભુપસંદ સર્ટિફિકેટ** મળે છે.


હવે જ્યારે સૃષ્ટિના વિનાશના સમયે આપણે બધા આત્માઓ શિવબાબાની સાથે પરમધામ જઈશું ત્યારે વચ્ચે ધર્મરાજપુરી આવશે. ત્યાં ધર્મરાજ ઉભા હશે. જે આત્માઓ શિવબાબા સાજનની સમાન સ્થિતિમાં સ્થિત હશે અને ત્રણે સર્ટિફિકેટમાં પાસ વીથ ઓનર હશે અને સજની રૂપમાં શિવબાબાની સાથે-સાથે હશે તેમને ધર્મરાજ સેલ્યુટ કરીને પરમધામ જવા દેશે બાકી ત્રણે સર્ટિફિકેટમાં જે નંબરવાર પાસ હશે તેમને ધર્મરાજ કહેશે થોભી જાઓ આપના સર્ટિફિકેટ બતાઓ. દરેકના સર્ટિફિકેટની ગ્રેડ પ્રમાણે થોડી વધારે ધર્મરાજની સજાઓનો અનુભવ કરીને પછી પરમધામ જવા દેશે.

એટલા માટે આપણે બધા આત્માઓ વીસ નાખૂનનું જોર લગાવી તીવ્ર પુરુષાર્થ કરીને આ ત્રણે સર્ટિફિકેટમાં **પાસ વીથ ઓનર** બનવાનું છે.

॥ ઓમશાંતિ ॥

# યુગ પરિવર્તક પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.



જ્યારે જ્યારે પૃથ્વી પર અત્યાચાર, પાપાચાર, ભ્રષ્ટાચારની બોલબાલા થાય છે તો માનવતા રડવા લાગે છે અને માનવતાના ગળે ટૂંપો દેવામાં આવે છે. ત્યારે ત્યારે કોઈ માનવતાના મસીહા આવે છે અને સંસારના એ વહેતા પ્રવાહને બદલી દે છે. સમાજનું વિભાજન કરનારી વિકૃત ધારાઓ અને કુરિવાજો, કુપ્રથાઓના પ્રબળ પ્રવાહને તેઓ અસીમ આત્મવિશ્વાસ, પરમાત્મામાં અતૂટ નિશ્ચય અને દૃઢ ઈચ્છાશક્તિથી વ્યર્થ પ્રવાહને બદલી દે છે. તેઓ માનવજાતિ માટે પ્રકાશસ્તંભ હોય છે. તેઓ યુગ પરિવર્તન માટે સંસારની ક્ષિતિજ પર દિવ્યનક્ષત્રની જેમ ઉદય પામે છે. આવી મહાનતમ વિભૂતિઓમાં એક શિરોમણિ, ભવ્ય, દિવ્ય, અલૌકિક રત્ન તથા માનવતાના આદર્શ અવતાર હતા પિતાશ્રી બ્રહ્માબાબા. વિશ્વરંગમંચ પર જીવનનો દરેક આદર્શ પ્રસ્તુત કરનારા તેઓ આદિદેવ હતા.

પરમાત્માની પ્રવેશતા પહેલાં એમનું નામ દાદા લેખરાજ સાર્થક હતું. જેવું નામ તેવું કામ એ કહેવત અનુસાર અનેકોને શ્રેષ્ઠ કર્મોની પ્રેરણા દ્વારા ભાગ્યના લેખ લખાવીને દિલો પર રાજ્ય કરનાર માનવતાના ફરિશ્તા વિશ્વવંદ્ય હતા. તેઓ માત્ર શિવના સાકાર માધ્યમ બન્યા એટલું જ નહીં તેઓ સાચા અર્થમાં માનવતાના ઉત્થાન કરનાર હતા. તેમણે માતૃશક્તિ (કન્યાઓ-માતાઓ) દ્વારા સદુપયોગથી યુગની અધોગામી ધારાને બદલનાર યુગપરિવર્તક સિદ્ધ થયા. પરમાત્માએ આપેલી પ્રજાપિતાની પદવીને એમણે સ્વયંના શ્રેષ્ઠ કર્મો દ્વારા સાકાર કરીને બતાવી. દુનિયાની નજરોમાં એક સાધારણ હીરા ઝવેરાતના વ્યાપારી પ્રજાપિતા બ્રહ્મા બન્યા. તેમના મહાન જીવનના પ્રેરણાદાયી પ્રસંગ રજૂ કરીએ છીએ.

બાબા માનવમનની માનસિકતાના વિજ્ઞાનના મર્મજ્ઞ હતા. તેઓ બાળકોનાં બદલતાં સ્વરૂપોને સારી રીતે જાણતા હતા. એટલે વિશ્વપરિવર્તનના કાર્ય માટે બાલક-બાલિકાઓની પસંદગી કરી. નાનાંઓને લાડપ્યાર કરવામાં એનો કોઈ જોટો જડે તેમ નથી. રાજયોગિની દાદી હૃદયમોહિનીજી પોતાનો અનુભવ વ્યક્ત કરતાં જણાવે છે કે જ્યારે દાદીજી બાલ્યકાળમાં બાળકોની હોસ્ટેલમાં હતાં તો બાબા રાજકુમાર-રાજકુમારીને જેમ, તેથી પણ વધારે પાલના આપતા હતા. પોતાના હાથે પ્રેમભર્યાં નયનોથી પ્રસાદ (ટોલી) આપતા હતા. બાબા સહૃદય, સરળ જોવા મળતા હતા. પ્રેમ પ્રેમમાં જ બાળકોને સદ્ચારિત્ર્યની શીખ આપતા અને સ્નેહનું સિંચન કરીને સદ્ગુણોની સાક્ષાત્મૂર્તિ બનાવતા હતા.

એમની અંદર માની મમતાનાં મોજાં હિલોળા લેતાં હતાં. ક્ષણવારમાં માનવહૃદયની પીડાને જાણી લેતા માતૃસ્નેહ આપીને એમનાં દુ:ખ દર્દ હરી લેતાં હતાં. મધુવનમાં આવનારા બ્રહ્માવત્સોનાં સુખ-સગવડનું ધ્યાન રાખતા હતા. એકવાર પૂનાથી બ્રહ્માવત્સોની પાર્ટી આવવાની હતી. એ વખતે ઠંડીની ઋતુ હતી. આજના જેવાં ઠંડી દૂર કરનારાં આધુનિક સાધનો નહોતાં. બસ સ્ટેશનથી એમનો સામાન બળદગાડીમાં લાવવામાં

આવતો હતો. પાર્ટી બળદગાડીની પાછળ પાછળ ચાલીને આવતી હતી. જ્યારે બાબાને બંધનવાળી માતાઓની ખબર મળી તો બાબાએ લચ્છુદાદીને કહ્યું, 'બેટી આજે ગોપીવલ્લભની બંધનવાળી ગોપિકાઓ આવી રહી છે. તમે ગરમપાણી લઈ આવો બાબા એમના પગ ધોશે.'

દેશ ધર્મની દીવાલોને ઓળંગીને એમનો પ્રેમ માત્ર માનવ હૃદયોને જ સ્પર્શતો નહોતો પણ પશુ-પક્ષી-પ્રાણી-પ્રકૃતિનાં પાંચ તત્ત્વો પર પણ અવિરત વરસતો રહેતો હતો. એમણે બ્રહ્માવત્સોની પાલના માટે ગૌશાળા બનાવી હતી. જ્યારે બાબા 'મનોહર'(દાદી મનોહરઈન્દ્રાજી) ગંગા, કુમારકા (દાદી પ્રકાશમણિજી) વગેરેને બોલાવતા ત્યારે ગાયો દોડી દોડીને બાબાની પાસે આવી જતી. બાબાના હાથથી ઘાસ ખાતી. ક્લાસ પૂરો થયા પછી બાબા પોતાના હાથે મીઠી ટોલી(પ્રસાદ) વહેંચતા હતા. ત્યારે પક્ષી બાબાના હાથ ઉપર આવીને બેસી જતું. જાણે તે બાબાનો પ્રેમ મેળવવા આતુર થઈ રહ્યું હતું. ત્યારે બાબા કહેતા, 'પંખી બેટી પણ આવી ગઈ.' બાબાના દેહત્યાગ પછી પંખી પાર્થિવદેહની આસપાસ ચક્કર મારતું હતું. બીજો પ્રસંગ છે. એક વખત માળીએ બાબાની પાસે આવીને કહ્યું, બાબા, શું કરું? વાંદરાઓ બગીચાનાં ફળો ખાઈ જાય છે. ત્યારે રમણિક અંદાજમાં બાબાએ કહ્યું, માળી બેટા, શું વાંદરા ફળ ખરીદવા માર્કેટમાં જશે.

બાબા પ્રકૃતિનાં પાંચ તત્ત્વોને પણ પોતાનાં સંતાન ગણતા હતા. પ્રકૃતિનાં પાંચ તત્ત્વોનો ઉપયોગ કરતાં તેના પ્રત્યે આત્મીયતા દાખવતા હતા. એ દિવસે યજ્ઞમાં નવું નવું ટેપરેકોર્ડર આવ્યું હતું. બાબા ઘણા પ્રેમથી કહેતા, 'જુઓ તમે તો બાબાની વાતો (જ્ઞાન રત્નો)ને ખાઈ જાઓ છો તેમાં કંઈક પોતાનું ઉમેરીને સંભળાવો છો. પણ આ ટેપ બેટી કેટલી સારી છે જે બાબાની વાતોને જેવી છે તેવી સંભળાવે છે.

કલકત્તામાં એક વ્યક્તિએ ટીકાત્મક લેખ લખ્યો. તેમાં લખ્યું હતું કે એક સાયકલ રીપેર કરનાર વ્યક્તિ એમ કહે છે કે હું કૃષ્ણ ભગવાન છું. મારે 16,000 પટરાણીઓ જોઈએ છે. તેમાંથી 300 મળી ગઈ છે. બાકીની તપાસ ચાલુ છે. આ લેખ નિર્મલશાંતાદાદીએ વાંચ્યો તો તરત આ લેખ વિશે કહ્યું. તેમણે બાબાને કહ્યું, હું આપની લૌકિક - અલૌકિક પુત્રી છું. તેથી હું સારી રીતે જાણું છું કે મારા પિતા સાયકલ રીપેર કરતા નહોતા. તેમને 16,000 રાણીઓની જરૂર નથી. તો શું હું એ વ્યક્તિ પર માનહાનિનો દાવો કરું? બાબાએ દાદીને પ્રેમપૂર્વક પત્રમાં જણાવ્યું કે,'બેટી કદી કોઈ બાપ પોતાના સંતાન પર કેસ કરી શકે?' આવી વાત્સલ્યસભર ઉદારતાની ભાવના બાબામાં અનુભવાતી હતી. નિંદકને પણ પોતાનો પુત્ર ગણીને માફ કર્યો.

બ્રહ્માબાબા માનવતાના મસીહા, શાંતિના દૂત, માતાઓના મહાઉદ્ધારક હતા. એમણે આજીવન માનવની મનસા, વાચા, કર્મણા સેવા કરીને માનવતાનો ઉચ્ચ આદર્શ સ્થાપ્યો. સમય, સમાજ તથા સંસારની ધારાનો પ્રવાહ બદલ્યો. છેલ્લે એ દિવસ પણ આવ્યો. 18 જૂન, 1969ના દિવસે બાબા સંપૂર્ણ કર્માતીત બનીને આ દુનિયામાંથી ઉડી ગયા. આવા માનવતાના અવતાર તથા યુગપરિવર્તક પિતાશ્રી બ્રહ્માબાબાને આપણા કોટિ કોટિ નમન અને વંદન.

**॥ ઓમશાંતિ ॥**

# ત્રણ સર્ટિફિકેટ

બ્ર.કુ. રમેશભાઈ, પોરબંદર

વિદ્યાર્થીઓ સ્કૂલમાં ભણવા માટે દાખલ થાય છે. પ્રાયમરી, હાયર સેકન્ડરી, કોલેજમાં ભણીને જુદા-જુદા વિષયમાં ડીગ્રી પ્રાપ્ત કરે છે. ત્યારે તેને તેના ભણતરનું સર્ટિફિકેટ મળે છે. એ સર્ટિફિકેટમાં તે વિદ્યાર્થીએ પરીક્ષામાં મેળવેલા માર્કસ પ્રમાણે ગ્રેડ આપવામાં આવે છે.

જ્યારે નોકરી મેળવવા માટે ઈન્ટરવ્યુ આપવા જાય છે, ત્યારે ઈન્ટરવ્યુ લેનારને તે મૌખિક જણાવે છે કે હું આટલું ભણેલો છું, તો તેઓ માનશે નહીં અને કહેશે કે તમારા સર્ટિફિકેટ બતાવો, તે સર્ટિફિકેટ જોયા બાદ તેમને તેમાંના ગ્રેડ પ્રમાણે પગાર અને હોદ્દો મળે છે.

પરમપિતા પરમાત્મા શિવ બાબાએ ખોલેલ આ એક ઈશ્વરીય વિશ્વ-વિદ્યાલય છે. જેમાં સ્વયંભૂ ભગવાન શિવ આપણને ભણાવે છે. તેના મુખ્ય વિષયો છે ઈશ્વરીય જ્ઞાન, સહજ રાજયોગ, દૈવી ગુણોની ધારણા અને ઈશ્વરીય સેવા. આ ચાર વિષયો જીવનમાં ધારણ કરી અંતિમ સમયે આપણે ત્રણ સર્ટિફિકેટ મેળવવાના છે.

(૧) મનપસંદ

(૨) લોકપસંદ

(૩) પ્રભુપસંદ

### મન પસંદ

જ્ઞાન માર્ગમાં પરમપિતા પરમાત્મા શિવબાબાની શ્રીમત પ્રમાણે ચાલીને શ્રેષ્ઠ જીવન બનાવવાનું છે. ઈશ્વરીય આજ્ઞાઓની લક્ષ્મણ રેખાઓમાં રહીને જીવન જીવીશું તો આપણને આંતરિક આનંદ અને સંતોષ સદૈવ રહેશે. એને કહેવાય મનપસંદ.

### લોક પસંદ

આપણા અલૌકિક વ્યવહારથી આપણા સંપર્ક સંબંધમાં આવતા અનેક મનુષ્ય આત્માઓ સંતુષ્ટ થાય. સદૈવ આપણી મનસા-વાચા-મનુષ્ય આત્માઓના કલ્યાણની ભાવના કરતી રહે અને સર્વે સુખીનો ભવન્તુની કામના સદૈવ રહે. તો આપણને અંતિમ સમયે લોક પસંદનું સર્ટિફિકેટ પ્રાપ્ત થશે.

### પ્રભુ પસંદ

બાબા કહે છે જે બાળકો સાફ દિલ છે તેઓ મને પસંદ છે જેઓ દિન રાત સેવામાં વીતાવે છે તેમને હું યાદ કરું છું. ચાલો, તો આના સંદર્ભમાં એક સુંદર વાર્તા કહું.

એક વખત નારદજીને અભિમાન આવ્યું કે મારા જેવો પ્રભુનો ભક્ત સંસારમાં કોઈ નથી. તેઓ તેમના પિતા બ્રહ્માજી પાસે ગયા અને કહ્યું કે સંસારમાં હું સર્વશ્રેષ્ઠ ભક્ત છું. બ્રહ્માજી સમજી ગયા કે નારદજીને અભિમાન આવ્યું છે. તેમણે અભિમાન ઉતારવા એક યુક્તિ રચી અને કહ્યું સાંભળ્યું છે કે હનુમાનજી પ્રભુના અનન્ય ભક્ત છે. નારદજી માનવા તૈયાર ન હતા. બ્રહ્માજીએ કહ્યું કે તો જાઓ ભગવાન વિષ્ણુ પાસે અને જાતે જ જાણીલો કે કોણ શ્રેષ્ઠ છે. તમે કે હનુમાનજી?

નારદજી વિષ્ણુલોકમાં પહોંચીને વિષ્ણુને કહે છે કે હે પ્રભુ, મને આપના ભક્તોનું લીસ્ટ આપો. ભગવાને લીસ્ટ આપ્યું નારદજીએ જોયું કે આ લીસ્ટમાં પોતાનું નામ સર્વ પ્રથમ હતું અને હનુમાનજીનું નામ તો લીસ્ટમાં હતું જ નહીં.

(અનુસંધાન પેજ નં. 14 પર)

## દિવ્યદર્શન

# મોહરૂપી માયાથી બચો

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ગીત - માયા કી છાયા સે બચના જરા, ઈસમેં વિકારો કા જાદુ ભરા...

ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, 'યદા તે મોહકલિલં બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ તદા ગન્તાસિ નિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય' જે કાળમાં તારી બુદ્ધિ મોહરૂપી દળદળને પૂર્ણપણે પાર કરી લેશે. અંશમાત્ર મોહ પણ તારી અંદર નહીં રહે. તે સમયે જે સાંભળવા યોગ્ય છે એને જ તું સાંભળી શકીશ અને તે સાંભળ્યા અનુસાર વૈરાગ્યને પ્રાપ્ત થઈશ. અર્થાત્ એને આચરણમાં ઉતારી શકીશ.' એવી જ રીતે ગૌતમ બુદ્ધે પણ કહેલું છે કે 'મોહ-લગાવ તમામ પ્રકારનાં દુઃખોનો સ્ત્રોત છે.' મોહના વિષયોમાં કહેલી આ સુક્તિયો ઉપરથી તેટલું તો ચોક્કસ પણે સ્પષ્ટ થાય છે કે 'મોહ અથવા લગાવ એ કોઈ સારી ટેવ નથી.' પરંતુ તેમ છતાં આપણે સૌ મોહની આ માયાજાળમાં ખૂબ જ સરળતાથી ફસાઈ જઈએ છીએ અને તે જાણવાં કે સમજવા છતાંય એમાંથી બહાર નીકળવા માગતા નથી. એવું શા માટે? શું કારણ હોઈ શકે? કે તકલીફ, પીડા તેમજ ગૂંગળામણનો અનુભવ થવા છતાંય આપણે પોતાનો આ મોહ છોડતા નથી?

સાદી અને સરળ ભાષામાં સમજવું હોય તો 'મોહ' એક પ્રકારે 'માયા'નું જ શાહી સ્વરૂપ છે, જી હાઁ. આ એક સર્વસિદ્ધિ હકીકત છે કે, સંસારમાં જેને પણ આપણે પોતાના માનવા લાગીએ છીએ, તેની અંદર આપણને મોહ થઈ જાય છે અને પછી આપણે તેનાથી એક સેકન્ડ દૂર રહી શકતા નથી. મોહ કોઈની પણ સાથે થઈ શકે છે, પછી તે વ્યક્તિ હોય, વસ્તુ હોય કે પછી કોઈ વૈભવ પરંતુ એકંદરે એના લાંબા ગાળાના પરિણામમાં દુઃખ અને પીડા સિવાય બીજું કંઈ નથી મળતું. આપણો મોહ કોઈની સાથે વધારે, કોઈની સાથે ઓછો હોઈ શકે છે, કોઈની સાથે સકારાત્મક, તો કોઈની સાથે નકારાત્મક પણ હોઈ શકે છે. પરંતુ અનુભવે એમ જોવામાં આવ્યું છે કે, મોટાભાગના કિસ્સાઓમાં તે વ્યક્તિઓ ઉપર નકારાત્મક પ્રભાવ જ નાખે છે, કારણકે મોહને વશ થયેલી વ્યક્તિ અત્યંત ભાવનાત્મક બોજ નીચે એવી તો દબાઈને રહે છે કે, એમનું જીવન જાણે કે નર્ક સમાન બની જાય છે. ઉદાહરણ માટે, માની લો કે થોડી મુલાકાતો બાદ આપણને કોઈ વ્યક્તિનો સ્વભાવ ફાવે અને તે વ્યક્તિ સાથે એક લાગણી મનોમન બંધાય અને તે વ્યક્તિ બહુ ગમવા માંડે છે. આપણે એના વિષે જ આખો દિવસ વિચાર્યા કરીએ છીએ. પછી ક્યારે તેમની સાથે મુલાકાત થશે તેની રાહ જોઈએ છીએ. તેને વ્યક્તિ મળતાંની સાથે જ આપણે એટલા બધા લાચાર થઈ જઈએ છીએ કે ફરીથી એનાથી જુદા થવા માંગતા જ નથી. પરંતુ પરિસ્થિતિવશ જ્યારે તે પ્રિય પાત્ર દૂર જવા લાગે છે, તે ઘડીએ આપણે દુઃખ-દુઃખી અને હતાશ-નિરાશ થવા લાગીએ છીએ. અમુક વાર તો રડવા પણ લાગીએ છીએ. આ બાબત ઉપર સાવધાનીપૂર્વક વિચારવામાં આવે તો એ સ્પષ્ટ થશે કે અમુક સમય સુધી જ્યારે આપણે તે વ્યક્તિ કે તે પ્રિય વસ્તુની નજીક રહીએ છીએ ત્યારે, આપણે સુખી રહીએ છીએ અને જે ઘડીએ તે વ્યક્તિ કે વસ્તુ આપણાથી દૂર જાય છે ત્યારે આપણે દુઃખી થઈ જઈએ છીએ. અર્થાત્ એક

રીતે તો આપણે તે વ્યક્તિના હાથની કઠપૂતળી બની જઈએ છીએ. રમૂજની વાત તો એ છે કે, આટલું દુ:ખ અને પીડા અનુભવ્યા બાદ પણ આપણે તે વાતનો સ્વીકાર કરતા નથી કે આપણે આ મોહરૂપી મહારોગથી ચેપગ્રસ્ત છીએ.

સામાન્યતઃ મોટાભાગના લોકો પ્રેમ અને મોહને એક જેવો માને છે, પણ વાસ્તવમાં બંને વચ્ચે જમીન-આસમાનનો ફરક છે. પ્રેમ ગંગા સમાન એવું પવિત્ર જળ છે, જેને ક્યાંય પણ છાંટવામાં આવે ત્યાં પવિત્રતાનું વાતાવરણ પેદા કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે એટલું બધા આસક્ત થઈ જઈ તેને મેળવવા કે પોતાના સંકજામાં કે કબ્જામાં રાખવાને માટે કોઈપણ હદ પાર કરી લે છે. જે કાયમ એમ જ ઈચ્છે છે કે પોતાની પ્રિય વ્યક્તિનો સાથ છૂટવો ના જોઈએ. પછી તેને માટે તે પ્રિય વ્યક્તિ માટે થઈને તેનું કેટલુંય પણ નુકસાન કેમ ન થાય. માટે જ મોટી બુદ્ધિવાળા લોકોને આ મોહ પણ પ્રેમ જ લાગે છે, પરંતુ આ તેમનો મિથ્યા ભ્રમ છે, જે એમને ભાગ્યે જ સમજાય છે. વાસ્તવમાં આપણે ખરેખર તે સમજવું જરૂરી છે કે પ્રેમનો આરંભ કોઈ વ્યક્તિથી થઈ શકે છે પણ તે એના સુધી જ સીમિત ના રહી શકે. કારણ કે જો તે એક વ્યક્તિ સુધી જ અટકીને રહી જાય તો કંઈક મેળવવાની કામના ઉત્પન્ન કરે છે અને ત્યારબાદ તે મોહમાં રૂપાંતરિત થઈ જાય છે. સાચો પ્રેમ એ જ છે કે જેમાં કંઈ મેળવવાની નહીં, પરંતુ આપવાની ભાવના હોય. પરંતુ મોહમાં ફસાયેલી વ્યક્તિ લેનદેનની અપેક્ષા અને ઉપભોગની કામના કરતી રહે છે. પ્રેમ વસ્તુઓ સાથે જોડાઈને સદુપયોગ, વ્યક્તિઓ સાથે જોડાઈને એમના કલ્યાણ અને સમસ્ત વિશ્વ સાથે જોડાઈને પરમાર્થ વિશે વિચારે છે. જ્યારે મોહમાં ફસાયેલા લોકોનો વ્યક્તિ, પદાર્થ અને સંસાર સાથે કોઈક ને કોઈક પ્રકારનો સ્વાર્થ જોડાયેલો રહે છે. દાખલા તરીકે, જે વ્યક્તિ સાથે એમનો મોહ હોય તે વ્યક્તિને પોતાની મરજી પ્રમાણે તેમની સાથે ચલાવવાની જિદ કરે છે. અને જો એમાં વિક્ષેપ થાય કે ઘર્ષણ થાય તો પોતાની અંદર રોષ અને ચિંતાની લાગણીઓ ઊભરાવા લાગે છે. પણ અંતરમનનો સાચો પ્રેમ આવા પ્રકારની કોઈ પણ તુચ્છ કામના નથી કરતો. માત્ર પોતાના પ્રેમીના હિત વિશેની ચિંતા હોય છે. તે પછી માતા હોય કે પિતા, ભાઈ હોય કે બહેન, બા હોય કે બાપુજી, દીકરી હોય કે દીકરો, પાડોશી હોય કે મિત્ર હોય, કે પછી ભગવાન પણ હોય શકે અને અન્ય કોઈ આહિત વ્યક્તિ પણ હોઈ શકે. તેના પ્રત્યેની પોતાની ફરજની પરિપૂર્ણતામાં જ તે સુખ અને સંતોષ અનુભવે છે.

પરમાત્માએ આપણને આ સૃષ્ટિ ઉપર સુખ, શાંતિ અને સદ્ભાવના સાથે જીવન જીવવા માટે મોકલ્યા છે, પરંતુ આપણે પોતાના લોભ અને સ્વાર્થવશ ચારે બાજુ મોહ અને મમતાની એવી માયાજાળ નિર્મિત કરી દીધી છે કે જેમાં આપણે પોતે તો ફસાયા જ છીએ, પરંતુ અન્યોને પણ આપણે આ દળદળમાં પોતાની સાથે ફસાવી દીધા છે. હવે આમાંથી બહાર કઈ રીતે નીકળવું ? આની વિધિ સાવ જ સરળ છે અને તે છે 'આત્મઅનુભૂતિ' જી હાં... જ્યાં સુધી આપણે પોતે આ વાતનો સ્વીકાર નહીં કરીએ કે મોહની આ માયાજાળ આપણી માનસિક બીમારીનું પરિણામ છે, ત્યાં સુધી આપણે આમાંથી બહાર નીકળી જ નહીં શકીએ.

**॥ ઓમશાંતિ ॥**

# યોગ્યતા, ક્ષમતા, પાત્રતા

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

પરમાત્મા, ઈશ્વરપ્રભુ કલ્યાણકારી છે, દયાળુ છે, કૃપાળુ છે. છતાં તેની કૃપા આશીર્વાદ દરેક પર એક સમાન નથી હોતી. આપણે તેની કૃપાને પાત્ર, દયાને યોગ્ય બનવું પડે છે. પુરુષાર્થ કરી આપણી પાત્રતા કે ક્ષમતાને વધારવી પડે છે અને પુરુષાર્થ અનુસાર જ પ્રાપ્તિ થાય છે. યોગ્યતા, ક્ષમતા કે પાત્રતા લગભગ સમાન કે પર્યાપ્ત લાગતા આ શબ્દોમાં પાતળી ભેદરેખા છે. સૂક્ષ્મફર્ક છે. જેમ અંગ્રેજીમાં capable , efficient ને deserve આ શબ્દો ભિન્ન છે. ચિંતન કરતાં એના શબ્દાર્થને સમજવા પ્રયત્ન કરીશું. મહત્ત્વની દૃષ્ટિએ આ શબ્દોને કદાચ યોગ્યતા, ક્ષમતા અને પછી પાત્રતા એમ ક્રમબદ્ધ ગોઠવી શકાય.

મનુષ્યએ જીવનમાં પ્રથમ યોગ્યતાને પ્રાધાન્ય આપવું રહ્યું. જેમ જેમ યોગ્ય બનતા જઈએ છીએ તેમ તેમ પ્રાપ્તિ થતી રહે છે. સ્થૂલ રીતે જોઈએ તો માતા-પિતા પણ પોતાના બાળકને યોગ્ય સમયે જેમ જેમ યોગ્યતા આવે તેમ તેમ ચીજવસ્તુઓ આપતા હોય છે. બાળક નાનું હોય ત્યારે તેના હાથમાં હલકા રબ્બરના કે લાકડાના રમકડા આપે છે. તે થોડું યોગ્ય બને પછી તેના હાથમાં એનાથી મોટા, ભારે કે અન્ય ધાતુના રમકડા મૂકે છે. પહેલા ચાલનગાડી, પછી સાયકલ પછી સ્કૂટર પછી કાર એમ જેમ જેમ તે વસ્તુઓ વાપરવા યોગ્ય બને તેમ તેમ તેના હાથમાં આવી વસ્તુઓ આવે છે. અર્થાત્ યોગ્યતાને જોવાય છે યોગ્યતા વગર આપવું ક્યારેક તેના માટે હાનિકારક અથવા નુકસાનકારક નીવડી શકે છે. પરમાત્મા પણ આપણા માત-પિતા છે. આપણને યોગ્ય સમયે યોગ્યતા આવતા આપે છે.

ત્યાર પછી ક્ષમતા, બાળપણમાં બાળકને બહુ ગરમ કે બહુ ઠંડી કે બહુ તીખી વસ્તુ અપાતી નથી કારણ તેની ક્ષમતા નથી. તેના હાથમાં કક્કો બારાખડી જેવા પુસ્તકો જ આપે છે. પછી ધીરે ધીરે તેની વાંચનની ક્ષમતા અનુસાર તેને ભણાવવામાં આવે છે. પુખ્તતા આવતા વ્યક્તિની રુચિ અનુસાર ક્ષમતા કેળવી વાંચનના વિષય અને તેની વૈવિધ્યતામાં વધારો કરે છે. છેલ્લે ગુહ્યજ્ઞાન સમજાય તેવું વાંચન પણ કરે છે. આમ બૌદ્ધિકની સામે શારીરિક માનસિક ક્ષમતાને પણ જોવામાં આવે છે.

જ્યારે વ્યક્તિમાં યોગ્યતા અને ક્ષમતા હોય ત્યારે તે પાત્ર બને છે. અર્થાત તેનામાં પાત્રતા આવે છે. આ ઘણી સૂક્ષ્મ બાબત છે. કોઈપણ કાર્ય માટે કે પદ માટે વ્યક્તિએ તેને પાત્ર બનવું પડે છે. અર્થાત્ લાયક બનવું પડે છે કે પાત્રતા કેળવવી પડે છે અને એટલે જ શ્રેષ્ઠ કાર્ય કે શ્રેષ્ઠ સ્થાન પર મનુષ્યની પાત્રતા જોવામાં આવે છે. જેને સમજદારી કે કોઠાસૂઝ પણ કહી શકાય. જે કંઈ પ્રાપ્તિ થાય તેનો યથાયોગ્ય ઉપયોગ થાય તે જરૂરી છે. જેમાં કુશળતા મૂલ્યો, વિશેષતા વગેરેને સમાવી શકાય. યોગ્યતા ધરાવનારી વ્યક્તિમાં ક્ષમતા ન પણ હોય અને યોગ્યતા અને ક્ષમતા ન પણ હોય અને યોગ્યતા અને ક્ષમતા ધરાવનારી વ્યક્તિમાં પાત્રતા ન પણ હોય. અંગ્રેજીમાં કહીએ તો One who is capable may not be efficient and one who is capable and efficient may not deserve. હવે આ ત્રણેને ધારણ કરવા વ્યક્તિએ શું કરવું જોઈએ.

### યોગ્યતા

યોગ્યતા વ્યક્તિની આસપાસનું વાતાવરણ તેને મળતા સહયોગ અને સંગથી આવે છે. આપણી આસપાસનું વાયુમંડળ આપણને યોગ્ય બનાવવામાં મદદરૂપ થાય છે. સંગનો પણ ઘણો પ્રભાવ છે. વળી યોગ્યતા મેળવવા માટે કોઈનો સહયોગ લેવો પડે તો લેવો જોઈએ. મદદની જરૂર જણાય તો તે લેવામાં પણ દેહભાન કે અભિમાન ન આવવું જોઈએ. સંગઠનની અસર પણ એટલી જ છે. સમૂહમાં કોઈપણ યોગ્યતાને સહજ ધારણ કરી શકાય છે. એકબીજાને જોઈને વ્યક્તિ શીખે છે અનુકરણ કરવું સરળ છે.

### ક્ષમતા

વ્યક્તિની તન-મન-ધન વગેરેની સ્થિતિ તેની ક્ષમતા નક્કી કરે છે. શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય અને આર્થિક સ્વાસ્થ્ય અથવા ધનની ઉપલબ્ધતા વ્યક્તિની ક્ષમતામાં વધારો કરે છે. વ્યક્તિ આ ત્રણે બાબતોમાં સૂક્ષ્મ હોય તો જીવનમાં ઘણી સફળતા મેળવી શકે છે. ક્યારેક યોગ્યતા હોવા છતાં ક્ષમતા ન હોવાને કારણે જે ઈચ્છે તે નથી કરી શકતો. સમાજમાં આપણને એવા ઘણા પ્રસંગો જોવા મળે છે જ્યાં આ બાબતને લઈ મર્યાદા આવી જાય છે. ભણવામાં તેજસ્વી વિદ્યાર્થી તેમની આ કમીને લઈ શિક્ષણ ક્ષેત્રે પસંદગીના ક્ષેત્રમાં નથી જઈ શકતો અર્થાત તેની આ કમી જ તેની કમજોરીનું કારણ બને છે. આમા ક્યારેક કેટલાંક અપવાદ હોઈ શકે પરંતુ મહદ્ અંશે ક્ષમતા મહત્ત્વનો ભાગ ભજવે છે.

### પાત્રતા

આ વ્યક્તિના મૂલ્યો, આદર્શ, ચારિત્રને સ્પર્શે છે. જેમા તેના મૂળભૂત સંસ્કારો પણ એટલો જ ભાગ ભજવે છે. વ્યક્તિ ધારે તો પુરુષાર્થ દ્વારા આ ક્ષેત્રે પ્રગતિ કરી શકે. અહી સ્વસ્થ્ય જીવનનો ચોથો પાયો અર્થાત્ આધ્યાત્મિક સ્વાસ્થ્યની અગત્યતા મહત્ત્વની છે. જીવનના કેટલાંક ગુણો શક્તિઓને કારણે વ્યક્તિમાં પાત્રતા આવે છે. પાત્રતા કેવી રીતે વ્યક્તિ જીવનને ઉન્નત બનાવી શકે છે.

જીવનની આ મૂલ્યવાન સંપત્તિમાં વધારો કરવા મનુષ્યે સ્વ ઉપર રાજ્ય કરતાં શીખવું પડશે અર્થાત કર્મેન્દ્રિયો પર કાબૂ મેળવવો પડશે. જીવનમાં શું કરવું શું ન કરવું, શું જોવું શું ન જોવું, શું સાંભળવું શું ન સાંભળવું, શું બોલવું, શું ન બોલવું તેનો વિવેક હોવો જોઈએ. વ્યક્તિ કરવાનું હોય એ જ કરે અને ન કરવાનું ન જ કરે તો તેના જીવનમાં ધીરે ધીરે યોગ્યતા, ક્ષમતા અને પાત્રતામાં પરિપક્વતા આવતી જાય છે. જેનું ચેકિંગ સ્વયં કરવું પડે અને પુરુષાર્થ દ્વારા ઉત્તરોત્તર વિકાસ કરવો પડે.

અર્થાત હવે આપણે પરમાત્મા પાસે ફરિયાદ કરતાં પહેલાં સ્વયંને પ્રશ્ન કરવો જોઈએ કે શું હું યોગ્ય છું, શું મારામાં ક્ષમતા છે કે પછી તેના આશીર્વાદ કે કૃપા મેળવવાની મારામાં પાત્રતા છે. કારણ કે પરમાત્મા માટે તો વિશ્વના સર્વ આત્માઓ તેના બાળકો છે. અને તે દરેકને તેમની યોગ્યતા ક્ષમતા અને પાત્રતા પ્રમાણે આપે જ છે. અરે જો આ કેળવવામાં આપણે એક કદમ પણ ઊઠાવીએ તો તે તેનાથી વધુ જ આપે છે જેનો આપણને સર્વને અનુભવ છે. માટે હવે આપણે ક્યારેય પરમાત્માને ફરિયાદ કર્યા વગર ફરી ફરી યાદ કરીને સ્વયંને સક્ષમ બનાવી તેમના કૃપાપાત્ર બનીશું.

**॥ ઓમશાંતિ ॥**

# વિશ્વ પરિવર્તનનો આધાર - SERVE - સર્વ

બ્ર.કુ. નરેન્દ્ર પટેલ, અલકાપુરી, વડોદરા

માનવ માત્ર વિચિત્ર છે. જ્યારે વાતાવરણ ગરમ હોય ત્યારે ઠંડી માંગે છે. ઠંડુ હોય ત્યારે ગરમ હોય એમ ઈચ્છે છે. તે હંમેશા જે નથી તેની ફરિયાદ કરતો જ રહે છે. અને જે છે તેનો વિચાર પણ નથી કરતો. ઘરમાં નવી કાર ખરીદી છે. પણ તેનો આનંદ એક જ દિવસમાં ખતમ થઈ જાય છે, નવી કાર પણ જૂની થઈ જાય છે જ્યારે તેના પડોશીને ત્યાં, મિત્રને ત્યાં કે સંબંધીને ત્યાં નવી, ઉંચા મોડલની કાર આવે છે. માનવ પોતાની પાસે શું છે તેને બદલે અન્યની પાસે શું છે તેની સરખામણી કરીને દુઃખની ફીલીંગ કરતો રહે છે. સદૈવ ઈર્ષા, દ્વેષ, બદલો, ગુસ્સો, ચીડચીડાપન, આળસ, અલબેલાપન જેવા નકારાત્મક ભાવોને મનમાં રાખીને ફરતો રહે છે.

પરમાત્મા શિવબાબા આવ્યા છે. માનવ માત્રને આ દુઃખ, અશાંતિ, શોકની દુનિયામાંથી દૂર એક નવી દુનિયામાં લઈ જવા. કવિએ તે દુનિયાની સુંદર કલ્પના કરી છે. - ‘આ ચલકે તુઝે, મૈં લે કે ચલું એક ઐસે ગગન કે તલે, જહાં ગમ ભી ન હો, આંસુ ભી ન હો, બસ પ્યાર હી પ્યાર પલે.’ જ્યાં નિરાશા નહીં, ગમ નહીં, એવી દુનિયામાં શિવબાબા લઈ જશે. આવી દુનિયાને આ ધરા પર ઉતારવા માટે આપણે જીવનમાં એક શબ્દને વણી લઈએ. SERVE - સર્વ

## SERVE - સર્વ

નવી દુનિયામાં જવા માટે દેવતા સમાન બનો. દેવતા અર્થાત્ દાતા. આજે બધાને કાંઈક જોઈએ છે. દરેક કાંઈક માંગે છે પણ આપનાર ઓછા છે. સેવા આપનારને આખું જગત યાદ કરે છે. હનુમાનજી શ્રીરામજીના સેવાધારી તરીકે પ્રખ્યાત છે. શ્રીરામજીના પણ મંદિર બન્યાં છે, હનુમાનજીનાં પણ મંદિરો બન્યા છે. પણ મંદિરો કોનાં વધારે છે? - હનુમાનજીના, શ્રી રામજી - એક ઈષ્ટ દેવ તરીકે ભારતભરમાં જેમની પૂજા થાય છે, તેમના કરતાં પણ તેમના સેવક- હનુમાનજીના મંદિર વધારે છે કારણ ? સેવા-ભાવનાનું ખૂબ મોટું ગાયન છે. તેવી વ્યક્તિઓનું માન છે. શિવબાબા કહે છે - જેટલી સેવા કરશો તેના દ્વારા જેને પણ સુખ-શાંતિ પ્રાપ્ત થશે તેની દુઆઓ તમને મળશે. જીવનમાં સહજ સુખ-શાંતિ પ્રગટશે. દેવી-દેવતાઓના જીવનમાં શાશ્વત સુખ અને શાંતિ હોવાનું મૂળ કારણ તેઓએ અન્યને સેવા દ્વારા સુખ-શાંતિ પ્રદાન કર્યું તે જ છે.

કોઈ એક દેશમાં એક ડોક્ટર રહેતા હતા. તેઓ આખો દિવસ બધાની બીમારી - દર્દ દૂર કરવા માટે કાર્ય કરતા રહેતા. ગરીબોની મફતમાં દવા કરતા. અમીર-ગરીબની લાઈનો તેમના દવાખાનામાં લાગતી. તેમનું દવાખાનું એક મકાનના પ્રથમ માળે હતું. નીચે એક બોર્ડ લાગેલું હતું. ‘ડોક્ટર ઉપર છે.’ મોટી ઉંમરે ડોક્ટર મૃત્યુ પામ્યા. તેમની સ્મશાનયાત્રામાં હજારો જોડાયા. તેમને માનપૂર્વક દફનાવ્યા અને ઉપરમાં સ્મારક રચાયું. બીજા દિવસે જોયું તો કોઈએ તેમના સ્મારક પર તે બોર્ડ મૂકી દીધું હતું, જે તેમના મકાન પર લાગેલું હતું. ‘ડોક્ટર ઉપર છે.’ આ તેમના જીવનની શ્રેષ્ઠ ઉપલબ્ધિ હતી. સેવા કરનાર હંમેશા સર્વના દિલમાં જીવીત રહે છે. શિવબાબા પણ મુરલીમાં કહેતા હોય છે. સેવા બીના તો ભોજન ભી નહીં કરના ચાહિયે. કિસીકો

સુખ-શાંતિકા રાસ્તા બતાના બડા પૂણ્ય કા કામ હૈ. દુનિયામેં કિતને લોગ દુઃખી હૈ, અશાંત હૈં. ક્યા ઉનકી પુકાર તુમ્હેં સુનાઈ નહીં દેતી ? તો નીંદ, ખાના-પીના સબ છોડ કર (ત્યાગ કર) પહલે સેવા મેં લગ જાના ચાહીયે. તો આપણે સૌ સ્વપરિવર્તન તથા સેવા દ્વારા વિશ્વ પરિવર્તનની સેવામાં લાગી જઈએ.

## સર્વ-ધર્માન પરિત્યજ્ય, મામેકમ્ શરણમ્ વ્રજ

દેહ સહિત દેહના સર્વ ધર્મોનો ત્યાગ કરીને પરમાત્માના શરણે જવું એટલે કે સમર્પિત થવાનો તેમાં ભાવ રહેલો છે. આત્માએ દેહ ધારણ કરેલો છે. દેહના અનેક ધર્મો એટલે કે જરૂરિયાતો છે - તે સર્વ પૂરી કરી શકાય... પણ... ઈચ્છાઓ, સુવિધાનાં સાધનો, વૈભવ, દેહના અનેક સંબંધો, બધાની પાસે રાખેલી અપેક્ષાઓ, પદ પ્રતિષ્ઠાની પ્રાપ્તિ માટેની ઈચ્છાઓની મોટી લંગાર લાગેલી છે. આમાંથી મુક્ત થવા માટે જ પરમાત્માએ કહેવું પડ્યું - સર્વ ધર્માન્ પરિત્યજ્ય... આ બધાથી ઉત્પન્ન થયેલ વિચારધારાઓથી મુક્ત થવાય તો જ સંતુલિત જીવન જીવી શકાય. જેમ મોબાઈલ અનેકવિધ બાબત, મેસેજ વગેરેથી ભરાઈ જાય, મેમરી ફુલ થઈ જાય, જગ્યા ન રહે ત્યારે મેસેજ આવે કે - ડીલીટ અનયુઝફુલ ઈમેઈલ એન્ડ મેસેજીસ. આપણે તે સમયે કેટલી સહજતાથી તે ડીલીટ કરીને મોબાઈલમાં સ્પેસ બનાવી દઈએ છીએ. પણ માનવ આત્મ-મનમાં કેટલી બધી વાતો ભરેલી છે, તેથી પરમાત્મા માટે થોડી પણ જગ્યા નથી બચી. તો તે ખાલી કરવાની, ડીલીટ કરવાની મહેનત કરવી પડે - પરિત્યજ્ય - એ આપણી જીવનયાત્રામાં પરિવર્તનનું પ્રથમ પગથીયું છે.

## સર્વ કે સહયોગ સે સુખમય સંસાર

સંસારમાં દુઃખ-અશાંતિ ફેલાયેલાં છે. માનવ નિરાશાના સાગરમાં ડૂબકા ખાઈ રહ્યો છે. પણ તેનું સ્વપ્ન છે કે વિશ્વ સ્વર્ગ બની જાય. પરમાત્મા વિશ્વ પરિવર્તનના કાર્ય માટે આવ્યા છે અને તે માટે આપણી મદદ માંગી રહ્યા છે. આ સંસારને સુખમય બનાવવાના કાર્યમાં આપણાથી બની શકે તેટલો સહયોગ આપીએ. કવિએ કહ્યું છે - 'સાથી હાથ બઢાના. એક અકેલા થક જાયેગા, મીલકર બોજ ઉઠાના.' દુઃખ-અશાંતિનો બોજ ઉઠાવીને ફેંકવાનો છે તો સહયોગ રૂપી હાથ આગળ વધારવો તે પરિવર્તનયાત્રાનું બીજુ પગથીયું છે.

## સર્વસ્વ ત્યાગી બનીએ

શિવબાબા કહે છે - ત્યાગ સે હી ભાગ્ય બનતા હૈ. અન્યના સુખ શાંતિમય જીવન અર્થે આપણી સુખ સુવિધાનો ત્યાગ કરીએ. આજે માનવ સ્વાર્થી બન્યો છે એટલે ત્યાગ કરનારા ઓછા છે. ઘરમાં શાક ભાખરી પડી હોય અને ખાનાર મેમ્બર્સ પાંચ હોય ત્યારે - 'મને ભૂખ નથી, તમે ખાઈ લો.' એવું કહેનાર, ત્યાગ કરનાર મા જ હોય. મા જેમ દીકરાઓ માટે, કુટુંબ માટે ત્યાગ કરે છે તેવી જ રીતે જગત માતા બનીને, અન્યના સુખ માટે ત્યાગ કરીએ તે આજના સમયની તાતી માંગ છે.

એક ગુરુ શિષ્યની વાત છે. ગુરુજી અકિંચન. ક્યારેય પૈસા ન રાખે. શિષ્યને પણ તેવી જ આદત રાખીને ભગવાન પર ભરોસો રાખવાનું જ શીખવાડે. એક વખત ક્યાંક બહારગામ નીકળ્યા. રસ્તામાં નદી આવી. પાર જવું હતું. એક નાવવાળો ત્યાં હતો. તેને કહ્યું, અમને પાર લઈ જા. નાવિકે પૈસા માંગ્યા. ગુરુજી કહે, અમે તો અલગારી જીવ, અકિંચન છીએ. ધન અમારી પાસે નથી. ભગવાનના નામે અમને પાર કરાવી દે. નાવિકે પાર લઈ જવાની ના પાડી. શિષ્યે ધીમે રહીને ગુરુજીને કહ્યું, મારી પાસે થોડા પૈસા છે તો

નાવિકને આપું? ગુરુજી કહે, હોય તો આપી દે. નાવિકે પૈસા લઈને બંનેને નાવમાં બેસાડ્યા. પાર ઉતરીને શિષ્યે ગુરુને કહ્યું, જોયું ગુરુજી, ધનનો કેટલો પ્રભાવ છે. જો પૈસા ન હોત તો પેલી પાર જ આપણે રહી જાત ને?

ગુરુજી કહે, ના બેટા, તારી પાસે જ્યારે પૈસા હતા ત્યારે નાવિકે બેસાડીને પાર કરાવવાની ના પાડી. પણ તેં જ્યારે પૈસા છોડ્યા ત્યારે જ નાવિક પાર લઈ આવ્યો. એટલે હોવા કરતાં ત્યાગમાં જ કલ્યાણ છે. એટલે સર્વ માનવના સુખ માટે આપણે સર્વસ્વ ત્યાગીને આપણા તન, મન, ધન અને જન એટલે કે સંબંધ સંપર્કનો ઉપયોગ કરીને કાર્ય કરીશું તો તેના રીટર્નમાં અપાર સુખ-શાંતિ પ્રાપ્ત કરીશું. એક કવિ કહે છે - તારું કશું ન હોય તો, છોડીને આવ તું. તારું જ બધું હોય તો છોડી બતાવ તું. ત્યાગ જીવન તથા સંસાર પરિવર્તનનું ત્રીજુ પગથિયું છે.

## સર્વ ગુણ સંપન્ન બનીએ

દેવતાઓની મહિમા છે - સર્વગુણ સંપન્ન, સોલહકલા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, અહિંસા પરમોધર્મ, મર્યાદા પુરુષોત્તમ. જીવન અગરબત્તી જેવું હોય સ્વયં સળગીને સુગંધ આપે, મીણબત્તીની જેમ સ્વયં બળીને અન્યને પ્રકાશ આપે. પ્રેમ, પવિત્રતા, ધીરજ, આનંદ, પ્રમાણિકતા, સાહસ, સહનશીલતા, સાદગી, નમ્રતા, દયાભાવના, સહાનુભૂતિ, એકરૂપતા, સહજતા, નિર્માણતા, સત્યતા, અહિંસા, તટસ્થતા, પારદર્શિતા, સંતુલિતતા, નિમિત્તભાવ, શુભ ભાવના જેવા ગુણો ખીલવીએ, તો આપણું જીવન જોઈને નિરાશ વ્યક્તિઓમાં પણ આશાનું કિરણ પ્રગટે. જીવનમાં લોકોને ખાલીપણું લાગે છે, તેઓને પણ જીવન ભર્યું ભર્યું, જીવવા લાયક લાગે. જીવન-સંસાર પરિવર્તનનું ચોથુ પગથિયું છે.

## સર્વનું ભલુ થાવ

આપણા જીવનનું લક્ષ્ય હોવું જોઈએ - 'સબકા ભલા હો, સબ સુખ પાયે.' અન્યને માટે આપણે ઘસાઈ છૂટીએ. અનેકોને જીવનમાં સુખ મળે, માનસિક શાંતિ મળે, મુખ પર હાસ્ય પ્રગટે તો આપણું જીવ્યુ સાર્થક કહેવાય.

વડોદરામાં થોડા દિવસ પૂર્વે એક કાર્યક્રમ - 'ખુશીઓનું કબાટ' યોજાયો. આર્થિક રીતે જેઓને ચીજવસ્તુઓ ખરીદવાનું ન પરવડી શકે તેવા માટે ત્યાં લગભગ 60,000 ચીજવસ્તુઓનો ભંડાર હતો. કેટલીક જૂની વપરાયેલી પણ સારી ચીજોએ વ્યવસ્થિત કરીને રાખવામાં આવેલી હતી. દરેકને એક ચીજ લેવાની છૂટ હતી અને દરેક વસ્તુની કિંતમ રૂ. 10 હતી. નાનીશી બાબત પણ કેટલાયના જીવનમાં ખુશીઓની બહાર લઈ આવી હશે.

એક વાર એક ચર્ચની બહાર ફાધરે એક મેલાં કપડાં પહેરેલી બાલિકાને રડતી જોઈ. તે અંદર ચાલી રહેલી સન્ડે સ્કૂલમાં અભ્યાસ કરવા ઈચ્છતી હતી પણ યોગ્ય ધનરાશી ન હતી. ફાધરે તેને મદદ કરી. ક્લાસમાં બેસીને તે ખૂબ ખુશ થઈ ગઈ અને રાત્રે તે જ્યારે સૂઈ ગઈ તો એવા બાળકો વિષે વિચારવા લાગી જે તેની જેમ ભાગ્યશાળી ન હતા.

અચાનક તે બાલિકાનું મૃત્યુ થઈ ગયું. અને તે ફાધરને બોલાવવામાં આવ્યા. ફાધરને તેના શબ પાસેથી પર્સમાં 57 સેન્ટ અને એક કાગળ મળ્યો. ફાધરે તે કાગળને સર્વ સમક્ષ વાંચ્યો અને તે સાંભળીને ઉપસ્થિત તમામ રડવા લાગ્યા. તેમાં લખ્યું હતું - 'આ નાનકડા ચર્ચને મોટું બનાવવા માટે મારી મદદ કરો જેથી અન્ય બાળકો પણ સ્કૂલમાં જઈ શકે.'

અઢારમી સદીમાં બનેલી આ ઘટનાને પેપરોમાં પ્રસિદ્ધિ ખૂબ મળી. સમાચાર જાણીને જમીનદારે ફક્ત 57 સેન્ટમાં જમીન દાન કરી દીધી. 5 વર્ષમાં લગભગ 2,50,000 ડોલરનું ડોનેશન ભેગું થયું જે 18મી સદીમાં ઘણું બધુ કહેવાય. તે બાલિકાની પ્રેરણાથી અમેરિકાના ફિલાડેલ્ફીયામાં 3300 સીટવાળું ચર્ચ અને યુનિવર્સિટી બની, જેમાં હજારો બાળકો ભણીને જિંદગીને બહેતર બનાવી શક્યા.

આપણે પણ નાનીશી શરૂઆત કરવામાં માધ્યમ બનીએ અને સર્વનું ભલું થાય સર્વ સુખને પ્રાપ્ત થાય તે માટે કટિબદ્ધ થઈએ.

## સર્વ શક્તિમાન પરમાત્મા - સર્વ બાબતોના સ્ત્રોત

જીવનમાં ડગલેને પગલે અનેક મુસીબતો, સમસ્યાઓ આવે, તનાવમુક્ત વાતાવરણ સર્જાય, સંબંધોની કડવાશ આવે.. પણ થોડા સહનશીલ બનીને પ્રેમ-ધીરજ સાથે તેનો સામનો કરીને તેમાંથી બહાર આવીએ. કહેવાય છે કે ‘દુનિયા કમ્પ્લેન નોંધાવવાનું એવું, કાઉન્ટર છે, જ્યાં બેઠેલ ઓફિસર હંમેશા બહેરો જ હોય છે.’ એટલે માનવ પોતાની જ મુસીબતોમાંથી ઉપર નથી આવી શકતો તો અન્યને શું મદદ કરે. એટલે ‘દુનિયામેં નહીં જીસકા કોઈ, ઉસકા ખુદા હૈ’ - એ ન્યાયે સર્વશક્તિમાન પરમાત્માનો સાથ લઈએ, જેથી વિપરીત પ્રતિકૂળ પરિસ્થિતિ પણ અનુકૂળ પરિસ્થિતિમાં પરિવર્તિત થઈ જાય. જો કે પરિસ્થિતિઓ આપણાં જ પૂર્વ કર્મોનું ફળ છે એટલે કેટલીક પરિસ્થિતિઓ, સમસ્યાઓ ટાળી ન શકાય, તેનું બુરૂ ફળ આપણે ભોગવવાનું જ રહે, પણ તેવી પરિસ્થિતિઓને સ્વીકારવાનું બળ પણ રાજયોગના માધ્યમથી મળી શકે.

(અનુસંધાન પેજ નં. 33 પર)

(પેજ નં. 30નું અનુસંધાન)... **વિશ્વ ડ્રામાનું**

વધુમાં વધુ 84 જન્મોની ભૂમિકાનો સંવાદ તે આત્મામાં મર્જ થઈ જાય છે તો વળી શરીર ધરતીમાં મર્જ થઈ જાય છે. યથા સમયે તેમજ નિશ્ચિત સમયે ફરી તે જ કલ્પ પહેલાવાળો સંવાદ હુબહુ આત્મામાં ઈમર્જ થાય છે અને ફરી કલ્પ પહેલાંવાળું શરીર ધરતીમાંથી ઈમર્જ થાય છે. દા.ત. શ્રીકૃષ્ણ. કલ્પ પહેલા શ્રીકૃષ્ણનું જે પ્રકારે અને જેવું શરીર હતું તેવું જ શરીર ફરી યથા સમયે તેમજ નિશ્ચિત સમયે આ ધરતીમાંથી જ ઈમર્જ થશે વળી શ્રીકૃષ્ણ એ જે સંવાદ અને જે અભિનય કલ્પ પહેલા કર્યો હતો તે જ સંવાદ અને એક્ટીંગ ફરી તે જ આત્મામાં ઈમર્જ થશે.

કુટુંબ-પરિવાર એ એક પંખીનો માળો છે. આ પરિવારરૂપી પંખીના માળામાં વર્તમાન સમયમાં જે સદસ્યો પોતાના કાર્મિક એકાઉન્ટ અનુસાર જીવન વ્યતીત કરી રહ્યા હોય અને તે પરિવારના સદસ્યો સાથે અન્ય કોઈ આત્માના પૂર્વ જન્મોના હિસાબ-કિતાબ હશે તો તે આત્માની ઉક્ત પરિવારમાં હિસાબ-કિતાબ ચુક્ત કરવા માટે પધરામણી થશે. માતા-પિતા, પુત્ર-પુત્રી, પુત્રવધુ, ભાઈ-બહેન, નણંદ-ભોજાઈ, સાસુ-વહુ, પૌત્ર-પૌત્રી વગેરે ભલે દેહના સંબંધઓ રહ્યા પરંતુ તે સંબંધીઓના શરીરમાં જે આત્માઓ બિરાજમાન છે તે આત્માઓ પોત-પોતાના પૂર્વ જન્મોના હિસાબ-કિતાબથી બંધાયેલા તેમજ સંકળાયેલા છે. જે તે આત્મા એ હિસાબ-કિતાબ ચુક્ત કરવા માટે દેહના સંબંધીઓ રૂપે રોલ ભજવવો પડતો હોય છે. હિસાબ-કિતાબ ચુક્તે થાય ત્યારે તે આત્માની ઉક્ત પરિવારમાંથી વિદાય થાય. ફરી તે આત્મા ઉક્ત પરિવારમાં 5000 વર્ષ પછી ફરી આવશે. આવાં તો કેટલાય પરિવારો હશે. આ જ તો છે. વિશ્વ ડ્રામાનું રહસ્ય. ॥**ઓમશાંતિ**॥

# યોગીના લક્ષણો

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

યોગ એટલે જોડાવું. મનુષ્યાત્મા સ્વયંને આત્મા નિશ્ચય કરી, આત્માનું પરમાત્મા સાથેનું પ્રેમભર્યું તેમજ હેતુસંપન્ન મિલન મનાવે એ યોગ છે. આત્મા પરમાત્માને સ્નેહથી યાદ કરે તે યાદ મહત્ત્વની છે. યોગથી કર્મમાં કૌશલ્ય આવે છે મનનું શુદ્ધિકરણ થાય છે. આત્મા જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોના માલિક હોવાને નાતે કર્મેન્દ્રિયો ઉપર શાસન કરી, કર્મેન્દ્રિયો દ્વારા શ્રેષ્ઠ કર્મો કરીને રાજયોગી બને છે. આત્મા પરમાત્માનું સંતાન હોવાને નાતે યોગી ભીખારી નહીં પરંતુ અધિકારી બને છે. એવા યોગીના લક્ષણો કેવા હોય તે જાણીએ.

- મુખ્ય વિકારો - કામ, ક્રોધ, મોહ, લોભ, અહંકાર તથા સૂક્ષ્મ વિકારો - ઈર્ષા, નિંદા, પ્રપંચ, જૂઠ કપટ, પરપીડનને ત્યાગનાર આત્મા યોગી છે. વિકારો પર જીત મેળવનાર યોગી છે. તપ (રાજયોગ)થી તપન (વિકારોનો અગ્નિ) શમે.
- કોઈ માણસ નિંદા કરે, કોઈ પ્રશંસા કરે, વ્યવસાયમાં નફો થાય, ખોટ જાય. વસ્તુ પ્રાપ્ત થાય, વસ્તુ જતી રહે એવી પરિસ્થિતિમાં પણ એક સમાન રહે, માનસિક પરિસ્થિતિ ઉપરનીચે ન થાય તેવી સ્થિતિ પ્રાપ્ત કરનાર આત્મા યોગી છે.
- યોગી આત્મા પ્રભુની પસંદગીનો આત્મા છે. પ્રભુનો પ્યારો બન્યો હોય એવા આત્મા યોગી આત્મા છે.
- જે આત્મા નિયમિત યોગ અભ્યાસુ હોય, બાબાના ખજાનામાંથી મેળવેલા વારસાથી ભરપૂર થઈ ગયો હોય. 'પાના થા સો પા લીયા'નો પાઠ પાકો કર્યો હોય તેને કોઈ જ અપ્રાપ્તિ જેવી ચીજ રહેતી ન હોય, ઈચ્છા માત્રમ અવિદ્યાની સ્થિતિ પ્રાપ્ત કરી લીધી હોય તેને કોઈ ઈચ્છાઓ કે તૃષ્ણાઓ રહેતી નથી એવો આત્મા યોગી છે.
- જે આત્મા જ્ઞાનેન્દ્રિયો અને દેહની કર્મેન્દ્રિયો પર સાચા અર્થમાં પ્રશાસન કરતો હોય. કોઈપણ કર્મેન્દ્રિય આત્માના આદેશોનો આદર કરતો હોય તેવા આત્મા રાજયોગી છે.
- બધા આત્માઓ એક જ પિતા પરમપિતા પરમાત્માનાં સંતાન છે, આત્મા આત્મા ભાઈ-ભાઈ છે. તેમ સમજીને વર્તન કરતો હોય તેવા આત્માને કોઈ જ શત્રુ હોતા નથી, બધા સાથે મિત્રતા હોય અને બધાના શુભસંકલ્પો અને શુભકાર્યોમાં સહયોગી બનતો હોય તે યોગી આત્મા છે.
- જે થયું તે સારું, જે થઈ રહ્યું છે તે સારું થાય છે, અને જે થશે તે સારું જ થશે. કારણ કે ડ્રામા મુજબ જ ચાલી રહ્યું છે. બાબામાં અને ડ્રામામાં સંપૂર્ણ વિશ્વાસ રાખી જે મળ્યું તેનાથી સંતુષ્ટ, નથી મળ્યું તેનો વસવસો રાખે નહિ, સદા સંતુષ્ટ રહે, સંતુષ્ટમણિ બની જાય તેવા આત્મા યોગી છે.
- આત્માના સ્વધર્મ શાંતિ છે. વાયુમંડળમાં પરિવારમાં, વ્યવસાયમાં, કામના સ્થળે પરિસ્થિતિ ઉપર-નીચે થાય તો પણ જેની માનસિક પરિસ્થિતિ એકસરખી રહે અચળ અડોલ રહે, સદા શાંત રહે અને તેજ પરિસ્થિતિમાં પણ ડ્રામા પર વિશ્વાસ રાખી સદા પ્રસન્ન રહેનાર આત્મા યોગી છે.

- પોતાના દુ:ખને બીજા આગળ રજુ કરી સ્વજન, મિત્રોને દુ:ખી કરતો નથી. મન, વચન અને કર્મથી બીજા કોઈ આત્માને દુ:ખ આપતો નથી તેથી આત્મા યોગી છે.
- ખરાબ સ્વભાવ સંસ્કારવાળા આત્મા, કમી કમજોરીવાળા આત્મા દુર્ગુણી આત્મા, અશાંત આત્મા પ્રત્યે બીજા આત્માઓની જેમ જ સમાન ભાવ રાખે - તે યોગી આત્મા છે.
- પોતાના જીવન પથ પર કે વ્યવસાયના માર્ગમાં - અનીતિ ન કરે, નીતિના પથ પર ચાલે, તોફાનો અવરોધો આવે તો પણ સત્ય માર્ગ ન છોડે. એક બલ એક ભરોસો. નિશ્ચય રાખે. સત્યની નાવ હાલશે ડોલશે પરંતુ ડૂબશે નહિં. એમ સમજી સત્યમાર્ગ પર ચાલનારો આત્મા યોગી છે.
- બ્રાહ્મણ જીવનનો એક પાયો પવિત્રતા છે. પવિત્ર શુદ્ધ શાકાહારી ભોજન લેતો હોય, દૃષ્ટિ કે વાણીથી પણ હિંસા કરતો ન હોય, અહિંસા પરમો ધર્મ સમજતો હોય, આચરણ કરતો હોય, હિંસા કરે નહિ અને હિંસા થવા ન દે, અહિંસા પાળે અને પળાવે તેવો આત્મા યોગી છે.
- રુદ્રગીતા જ્ઞાનયજ્ઞમાં યથાશક્તિ તન, મન અને ધનથી, મનસા, વાચા, કર્મણાથી સેવા કાર્યોમાં સહયોગી બને. બી.કે. સંસ્થાના સંગઠનના કાર્યોમાં સહયોગી બને, સમાધાન સ્વરૂપ બને પરંતુ સમસ્યા સ્વરૂપ ન બને. સમગ્ર વિશ્વમાં ભયંકર રોગો સામે લડવા યોગ દ્વારા સુરક્ષા કવચ બનાવવા શક્તિશાળી પ્રકંપનો પહોંચાડવામાં સહયોગી થાય, આવા સેવાકાર્યોમાં સાથ આપનાર આત્મા યોગી છે.
- જેનું મન સદા વિમલ હોય. નકારાત્મક ઉર્જાથી મુક્ત થયું હોય અને સકારાત્મક ઉર્જાથી ભરપૂર થયું હોય. દરેક આત્મા પ્રત્યે સદાય શુભ ભાવનાઓ અને શુભ કામનાઓ આપતો રહેતો હોય. એકાન્ત પ્રિય હોય, શાંત ચિત્ત નમ્રચિત્ત રહેતો હોય, નિર્મલ ચિત્ત રહેતો હોય એવો આત્મા યોગી છે.
- બાબાએ અનેક મુરલીઓમાં કહ્યું છે ખુશી જેવો કોઈ ખોરાક નથી. યજ્ઞ સેવાના સેવાકાર્યોથી પરમાત્મા ખુશ થાય. સામાજિક, આધ્યાત્મિક અને સંગઠનના સેવા કાર્યોથી અન્ય આત્માઓ ખુશ થાય, સાથેસાથે પોતે કરેલા સેવાકાર્યોથી આત્મા પોતે જ ખુશ થાય અને સંતોષ મળે. ખુશી આપે અને ખુશી મેળવે. દરેક પિરિસ્થિતિમાં ખુશ રહે તેવા આત્મા યોગી આત્મા છે.
- કોઈ કાર્યમાં સફળતા મળે નિષ્ફળતા મળે. કોઈ વ્યક્તિએ માન આપ્યું, કોઈ વખતે અપમાન સહન કરવું પડ્યું. વ્યવસાયમાં નફો થયો નુકસાન થયું. - દરેક પરિસ્થિતિમાં એક સમાન સ્થિતિ રહે. માનસિક સ્થિતિ ડામાડોળ ન થાય, સ્થિત પ્રજ્ઞ રહે તેવો આત્મા યોગી છે.
- દેહ અને દેહના બધા જ સંબંધો છોડીને આત્મ સ્થિતિમાં રહે, હું કોણ? મારું કોણ? મારું કર્તવ્ય? હું દરેક પરિસ્થિતિમાં સાક્ષી દૃષ્ટા બની મારો પાર્ટ પ્લે કરી રહ્યો છું. - એવા દેહીઅભિમાનમાં રહેનાર યોગી છે.
- લૌકિક જીવનમાં મિત્ર, સંબંધી, પાડોશી પાસેથી પૈસા ચીજવસ્તુઓ લઈએ છીએ. બાબા કહે છે - માગના મરના બરાબર. લેવતા ન બનો દેવતા બનો. અજાચક વ્રતધારી સુદામાને કોઈ ભિખારી કહે એ કૃષ્ણને પસંદ ન હતું. બાબા વિશ્વના સર્વ સત્તાધીશ છે. બાબાના અખૂટ ભંડારમાંથી સંતાન તરીકે હક્કથી લો અને જરૂરતમંદ આત્માઓને દાન

કરો. શાંતિદાન, ગુણદાન, જ્ઞાનદાન, શક્તિદાન કરીને માસ્ટર દાતા બનો. માસ્ટર દાતા યોગી છે.

- બાબાએ જીવનનિર્વાહ અર્થે કર્મ કરવાની ના કહી નથી પરંતુ વ્યવસાયના સમયે પણ મને યાદ કરો તો તમારામાં બળ ભરાશે. કામ કરતાં કરતાં યાદ કરો. બ્રેક પાડી / રીસેસ દરમિયાન બાબાને યાદ કરનાર આત્મામાં તાજગી આવશે, શક્તિ આવશે અને કામમાં ઝડપ પણ આવશે. કામ ચોકસાઈપૂર્વક થશે. થાક નહિ લાગે. બાબાની યાદમાં રહીને કામ કરનાર કર્મયોગી પણ યોગી આત્મા છે.
- પવિત્ર ભોજન લેતાં પહેલાં બાબાને ભોગ લગાવી, બાબાને યાદ કરી, પછી વ્યર્થ ચિંતન, વ્યર્થ વાતો છોડી દરેક કોળિયે બાબાને યાદ કરતાં કરતાં પ્રભુપ્રસાદ લેનાર. મનુષ્યાત્મામાં શક્તિ આવશે. બાબાની યાદમાં ભોજન કરનાર યોગી છે.
- કોઈપણ કામે નીકળતાં, વ્યવસાયના કામે જતાં, બાબાને સાથે રાખી કામ કરતાં સફળતા મળશે જ! બાબાના સાથથી સફળતામૂર્ત બનાશે, વિઘ્નવિનાશક બનાશે. ભગવાન હમારા સાથી હૈ ડરનેકી ક્યા બાત હૈ? શિવબાબાને સાથી બનાવનાર યોગી છે.
- જે મનુષ્યાત્માની વાણી પવિત્ર હોય, દૃષ્ટિ પવિત્ર હોય, ખાનપાન પવિત્ર હોય, આચરણ પવિત્ર હોય, બાબાના જ્યોતિબિંદુમાંથી આવતા પવિત્રતાના કિરણોની છત્રછાયા બનાવી, તેવા પવિત્રતાની છત્રછાયામાં રહેનાર આત્મા યોગી છે.
- યોગી આત્મા બાબા સાથે કમ્બાઈન્ડ રહે છે. બાબાના જ્યોતિબિંદુમાંથી આવતા કિરણો આત્મા ઉપર વરસતા હોય છે. બાબાના હજારો કિરણો રૂપી હજારો હાથના નીચે છત્રછાયાનો અનુભવ કરે છે. શાંતિ, પવિત્રતા, દિવ્યગુણ, જ્ઞાન અને શક્તિઓની છત્રછાયા નીચે છે. આવી છત્રછાયાને ભેદીને અશાંતિ, અપવિત્રતા, દુર્ગુણો, અજ્ઞાન અંધકાર, કમીકમજોરીઓ બહારથી આત્મામાં પ્રવેશી શકતી નથી. બાબાની આવી છત્રછાયામાં સુરક્ષિતતાનો અનુભવ કરનાર યોગી છે.
- બાબાની શ્રીમત છે - 'કમ બોલો, ધીરે બોલો, મીઠા બોલો.' કડવું સત્ય પણ મીઠી વાણીથી ઉચ્ચારાય તો વિરોધી પણ મિત્ર બની જાય. મીઠી વાણી સેવાકાર્યોમાં પણ સફળતા અપાવે છે. શિવબાબાએ આપેલા જ્ઞાનની જ્ઞાનયુક્ત મીઠીવાણી બોલનાર યોગી છે.
- ભગવાન શિવે ગીતા જ્ઞાન આપતાં છેલ્લે કહેલ છે કે જે આત્માનો સાકારી દુનિયાના પદાર્થો અને સંબંધોનો મોહ નાશ પામે છે તેને જ મારી સતત સ્મૃતિ રહે છે. અને જે આત્માને બાબાની સતત ઘનિષ્ઠ અંતરના ઉંડાણથી યાદ રહેતી હોય તેનો ધર્મશ્રેષ્ઠ હોય તેનાં કાર્યો શ્રેષ્ઠ હોય, જીવન મુક્તિમાં તેનું પદ શ્રેષ્ઠ હોય. બાબાની યાદમાં રહેતો આત્મા યોગી છે.

મનના માનસરોવરના હંસારાણાઓ રાજયોગનાં મોતી ચણો અને ભાગ્ય ચમકાવો. રાજયોગથી વિકર્મો ભસ્મ કરીને 21 જન્મો સુધી સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરપૂર જીવન જીવો એવી શુભકામના તથા શુભભાવના સહ...

**॥ ઓમશાંતિ ॥**

# વિશ્વ ડ્રામાનું ગૂઢ રહસ્ય

બ્ર.કુ. કાન્તિભાઈ મેઘપરા, અટલાદરા, વડોદરા.

આ સમસ્ત વિશ્વના મનુષ્ય આત્માઓની કુલ જન સંખ્યા અત્યારે લગભગ 800 કરોડ જેટલી થવા જાય છે. આ 800 કરોડ મનુષ્યો આ ધરતીરૂપી રંગમંચ પરના અભિનેતા છે. આ દરેક એક્ટર આ ધરતીરૂપી રંગમંચ પર પોત પોતાની ભૂમિકા પોતાએ જ ભજવવાની હોય છે. તેની ભૂમિકા તેમના વતીથી બીજો કોઈ અભિનેતા ભજવી શકતો નથી. આ દરેકે દરેક મનુષ્ય આત્માઓમાં પોત પોતાની ભૂમિકા સૂક્ષ્મમાં સૂક્ષ્મ આત્મામાં રેકોર્ડ થયેલી છે. કઈ આત્માએ કઈ અને કેવી રીતે ભૂમિકા ભજવવાની છે. તેના સંવાદ અને અમલ માટે કોઈ પુસ્તક નથી કે જે ભૂમિકા કંઠસ્થ કરવાની હોય. દરેકે દરેક મનુષ્યાત્માઓની ભૂમિકા કુદરતી છે. કુદરતી ક્રિયા સહજ અને સ્વતઃ થતી હોય છે. તેથી તેની ભૂમિકામાં કોઈ પણ મનુષ્ય દખલગીરી કરી શકતો નથી. અને દખલગીરી કરવી પણ ના જોઈએ. આ વિશ્વના દરેકે દરેક મનુષ્ય આત્મા વિશ્વ ડ્રામા પ્લાન અનુસાર પોતપોતાની ભૂમિકા ભજવવા માટે વિશ્વ ડ્રામા સાથે બંધાયેલો તેમજ સંકળાયેલો છે. તે અનુસાર જ તે અભિનેતા પોતાની ભૂમિકા ભજવે છે. તેની ભૂમિકા કોઈ બદલી કરી શકતું નથી. સ્વયં અભિનેતા પોતે પણ પોતાની ભૂમિકા બદલી કરી શકતો નથી. અરે ! ત્યાં સુધી કે પરમાત્મા પણ તેની ભૂમિકા બદલી કરી શકતા નથી. કારણ કે પરમાત્મા કરતાં ડ્રામા બળવાન છે. હાં, સલાહ, સૂચન, માર્ગદર્શન આપીએ પરંતુ તેને જે ભૂમિકા ભજવવાની છે તે ભજવીને જ રહેશે. કોઈ કોઈને કંઈ શીખવાડી શકતું નથી તો વળી કોઈ કોઈને સુધારી પણ શકતું નથી. હાં, શીખવાડવા માટે કે સુધારવા માટે શીખવાડનાર કે સુધારનાર પોતાની ફરજ બજાવે છે પરંતુ શીખવું કે ના શીખવું અથવા સુધારવું કે ના સુધરવું તે તેની ભૂમિકામાં હશે તો તે શીખશે કે નહિ શીખે અથવા સુધરશે કે નહીં સુધરે. તેથી શીખવાડનારે કે સુધારનારે કોઈ અફસોસ કરવો નહીં. શીખનારે કે સુધરનારે પોતાની ભૂમિકા ભજવી વળી શીખવાડનારે કે સુધારનારે પણ ફરજના ભાગરૂપે પોતાની ભૂમિકા ભજવી. આ તો ડ્રામા છે! એક દિવસનો કે બે દિવસનો ડ્રામા નથી! આ તો પૂરા 5000 વર્ષનો ડ્રામા છે જેની સાથે પરમાત્મા સહિત વિશ્વના દરેકે દરેક આત્માઓ સંકળાયેલા છે તેમજ બંધાયેલા પણ છે.

વળી એ વાત પણ એટલી જ સત્ય છે કે -

- જે થયું તે સારું થયું,
- જે થઈ રહ્યું છે તે પણ વધારે સારું જ થઈ રહ્યું છે.
- જે થશે તે પણ જે થયું અને થઈ રહ્યું છે તેના કરતાં પણ સૌથી વધારે સારું થશે.

ઉપરોક્ત ત્રણેય વિધાનનું જરા વિશ્લેષણ કરીએ. કલ્પ પહેલાં જે તે ઘટના ઘટિત થઈ હતી જે ફરી હુબહુ રીપીટ થઈ અને કલ્પ કલ્પ પણ રીપીટ થયા જ કરશે તેમાં કોઈ જ બદલો નહીં આવે. ઘટિત ઘટનાને કોઈ રોકી શકતું નથી. ઘટિત ઘટના ગમે કે ના ગમે તો પણ આ સત્યતાનો સ્વીકાર કરી મનને મનાવી સંતુષ્ટ રહેવામાં જ શાણપણ છે. સુખ-દુઃખથી પર રહી ઉપરામ સ્થિતિ તેમજ સ્થિતપ્રજ્ઞ સ્થિતિ ધારણ કરી કર્માતીત બની આત્મ અભિમાની બનીશું તો જ ખુશી રહેશે.

'જે થશે તે પણ જે થયું અને જે થઈ રહ્યું છે તેના કરતાં પણ સૌથી વધારે સારું થશે.' આ હકારાત્મક વિચારો કહેવાય. ઘટિત ઘટના સાથે જેટલા હકારાત્મક રહીશું તેટલું સારું થશે. મનના કોઈ પણ ખૂણામાં નકારાત્મકતાને સ્થાન આપો નહીં. આ નકારાત્મકતા નબળી વ્યક્તિઓ માટે એ એક રાજયોગ છે જેનો ઉપાય કે ઈલાજ રાજયોગ છે.

વિશ્વડ્રામા એ એક બેહદનો ડ્રામા છે. કેટલાક મનુષ્યો પોતાના એક જીવનની આત્મકથા લખતા હોય છે. પરંતુ વિશ્વડ્રામામાં સતયુગી 2 કરોડ દેવી-દેવતાઓની પૂરા 84 જન્મોની જીવન કહાનીઓ જે તે આત્મામાં જ આલેખાયેલી છે. મર્જ થયેલી છે. તેના માટે કોઈ પુસ્તક નથી અને આ જીવન કહાનીઓ લખવી અશક્ય છે. 84 જન્મોની જીવન કહાની જો લખવા જઈએ તો કેટલા પુસ્તકો જોઈએ! વળી આ વિશ્વડ્રામાના બધા જ અભિનેતાઓની જન્મોજન્મની થીસીસ કાગળ પર લખવામાં આવે તો પૃથ્વી જેટલો કાગળ જોઈએ અને આ પૃથ્વી પરના જંગલોના લાકડાઓમાંથી કલમો બનાવવી પડે અને સાગરમાંના પાણી જેટલી શાહી જોઈએ. આ તો એક અલંકારિત વર્ણન છે. પરમાત્માની મહિમાનાં ગુણગાન પણ આવી અલંકારિત ભાષામાં લખાયેલા છે. તો પરમાત્મા કરતાં વિશ્વ ડ્રામા બળવાન છે. ભલે પરમાત્મા કરતાં વિશ્વ ડ્રામા બળવાન રહ્યો પરંતુ પરમાત્માની મહિમા તો પરમાત્માની મહિમા જ છે! તેની તુલના વિશ્વડ્રામા સાથે થઈ જ ના શકે. વિશ્વ ડ્રામા અનુસાર પરમાત્માની ભૂમિકા પુરુષોત્તમ સંગમયુગમાં જ આ ધરતીરૂપી રંગમંચ પર માત્ર 100 વર્ષની જ છે, બાકીના 4900 વર્ષ સુધી તેઓ પરમધામમાં સ્થિત થઈ જાય છે. હાં, દ્વાપરયુગમાં તેમજ કળિયુગમાં જે ભક્તો ભાવનાથી જે દેવી કે દેવતાઓની ભક્તિ કરે છે તેનું ફળ જે તે સંબંધિત દેવી કે દેવતાઓ દ્વારા પરમાત્મા અપાવડાવે છે અથવા જે તે સંબંધિત દેવી કે દેવતાઓ દ્વારા જે તે દેવી કે દેવતાઓના સાક્ષાત્કાર કરાવડાવે છે પરંતુ તેઓ સીધા ચિત્રમાં આવતાં નથી.

વિશ્વ ડ્રામા અને નાટકમાં તફાવત છે. વિશ્વ ડ્રામા એક કલ્પનો એટલે કે 5000 વર્ષનો એટલે કે વધુમાં વધુ મનુષ્યાત્માના 84 જન્મોની જીવન કહાનીથી બનેલો છે. વિશ્વ ડ્રામા બેહદનો છે જ્યારે નાટક બેહદનું નથી. હદનું છે. વિશ્વડ્રામામાં 84 જન્મોની જીવન કહાની છે. આ 84 જન્મોની જીવન કહાનીમાંથી એક જન્મની જીવન કહાનીને નાટક કહેવામાં આવે છે. એક આત્મા એક કલ્પમાં વિશ્વડ્રામાની અંદર વધુમાં વધુ 84 જીવન કહાનીરૂપી 84 નાટકમાં ભાગ લે છે. વિશ્વ ડ્રામાની અંદર તે અભિનેતા નાટક ભજવવા માટે 84 શરીરરૂપી ડ્રેસ ધારણ કરે છે અને બદલે છે એક જીવન કહાની સમાપ્ત થાય એટલે તે અભિનેતા એક શરીરરૂપી ડ્રેસ બદલે, એડ્રેસ પણ બદલે, સગાસંબંધી, ભાષા, ધર્મ, સંવાદ, સંસ્કાર, રીત-રિવાજ વગેરેમાં પણ બદલાવ આવે.

**પરિવર્તન એ સંસાર તેમજ પ્રકૃતિનો અટલ નિયમ છે.**

વિશ્વ ડ્રામા અનાદિ, પરિવર્તનશીલ, પુનરાવૃત તેમજ બેઅંત છે. જેનો અન્ત છે છતાં બેઅંત છે. અંત આવી ગયો એટલે તેનો અર્થ એવો નથી કે ફરી તેની શરૂઆત નહીં થાય! સૂર્યાસ્ત પછી સૂર્યોદય છે જ. આ ડ્રામાના દરેકે દરેક પાત્ર અભિનેતાઓ મૂળ વતન પૃથ્વી નથી. પૃથ્વી પરની એ તો મહેમાન છે. તેનું મૂળ વતન તો પરમધામ છે. ધરતી પર જ તે પોતાનો પાર્ટ ભજવવા આવે છે. પરમધામમાં તેની કોઈ ભૂમિકા નથી. પરમધામમાં

(અનુસંધાન પેજ નં. 25 પર)

# પ્રભુ તેરે રંગમે...

બ્ર.કુ. બકાભાઈ પટેલ, કાલીપુરા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા

પરમાત્મા સાથે પ્રીતે બંધાયા પછી જો એકવાર પરમાત્માનો રંગ લાગી જાય તો માનવ-જીવન ધન્ય ધન્ય બની જાય. પરમાત્મા સતત આપણી સાથે હોવાની અનુભૂતિ ત્યારે જ થાય કે જ્યારે આપણે 'પ્રભુમય' બની જઈએ. પ્રભુ તેરે રંગમે... એ ગીતમાં પણ પ્રભુ સાથે જોડાઈ જવાની વાત છે. આ જગતમાં જેને એક ભગવાન સાથે સંબંધ જોડતાં આવડી ગયું એ આત્માઓ અંતે સુખ, શાંતિ અને સમૃદ્ધિને પામે છે. પરંતુ પરમાત્મામાં લીન થવા માટે સૌ પ્રથમ તો સાધકે ચોક્કસ લક્ષ, દ્રઢ મનોબળ, આત્મવિશ્વાસ અને ધીરજથી આધ્યાત્મિક માર્ગે આગળ વધવાનું હોય છે. તો જ પરમાત્મ-પ્યારના અધિકારી બની શકાય છે.

પ્રવર્તમાન કળિયુગી શાસનમાં મનુષ્ય સાચું સુખ અને શાશ્વત શાંતિ ઝંખતો રહે છે. સંસારના સર્વ દુઃખોથી છૂટકારો મેળવવા એ સતત મથતો રહે છે, પરંતુ એક માત્ર શિવ પરમાત્મા સિવાય બીજે ક્યાંયથી પણ સુખ-શાંતિની પ્રાપ્તિ થવાની નથી. વળી પરમેશ્વરના રૂપ, રંગ, આકાર કે કર્તવ્યથી જે અજ્ઞાન છે એને પરમાત્માની લગની લાગે પણ કેવી રીતે? કોઈની સાથે લગનમાં મગન થવું હોય તો તેની સાથે સંબંધ જોડવો પડે. આ માટે સાચી દિશાનો પુરુષાર્થ જોઈએ. ભગવાનને સર્વવ્યાપી સમજવાથી સંબંધ જોડી શકાય નહીં. 'બ્રહ્માકુમારીઝ' દ્વારા અપાતા જ્ઞાનમાં પરમાત્માને પામવાની અમોલ શક્તિ છે. આ જ્ઞાનમાં ઈશ્વરનો સત્ય પરિચય આપવામાં આવે છે. પરમધામ નિવાસી જ્યોતિર્બિંદુ સ્વરૂપ એક શિવ પરમાત્મા જે સર્વોપરી અને સૌના પિતા તેમજ સૃષ્ટિના રચયિતા છે એવો પરિચય જ્ઞાનથી પ્રાપ્ત થાય છે, ત્યારે જ 'એક બળ, એક ભરોસા'ના આધારે પ્રભુના સાનિધ્યને પામવાનો દરવાજો ખૂલે છે. આમ પરમાત્મા સાથે માત-પિતા, બંધુ, સખા, સદ્‌ગુરુ કે સાજન રૂપે સંબંધ જોડીને માનવ-જીવનને સર્વોત્તમ બનાવવાની દિશાનો સાચો પુરુષાર્થ અહીં ખુદ ભગવાન દ્વારા કરાવાય છે.

વળી નીજ આત્માના અસલ સ્વરૂપને જ્યાં સુધી જાણીએ નહીં ત્યાં સુધી મનુષ્યની બધા જ પ્રકારની સાધના જૂઠ્ઠી છે. 'હું એક આત્મા છું.' એવી અનુભૂતિ અંતર મનમાં પ્રગટ થાય તો જ જીવનમાં આધ્યાત્મિક ઉજાસ પથરાય. આ માટે દેહસહિત દેહના સર્વ સંબંધોને ભૂલીને આત્મિક સ્વરૂપમાં સ્થિત થવું પડે. આ સ્થિતિને પામવાનો માર્ગ એ 'સહજ-રાજયોગ' છે. રાજયોગના અભ્યાસથી આત્માનુભૂતિ શક્ય બને છે. 'રાજયોગ' એ સહજ એટલા માટે કે ઉમંગ-ઉત્સાહ સાથે આત્મ ઉન્નતિના જ્ઞાનથી ભરપૂર થઈને અવિરતપણે તીવ્ર પુરુષાર્થ કરનાર સાધક જે સહજ રીતે જ પ્રભુ સાથે મિલન મનાવી શકે છે. એટલે જ કહેવાયું છે કે, 'તપોબળ કરતાં તપબળ વધુ અસરકારક છે.'

ઈંટને જેમ ભઠ્ઠીમાં પકવીને પાકો રંગ ચઢાવાય છે એમ આત્માને પણ યોગભઠ્ઠી દ્વારા નારાયણ નશાનો પાકો રંગ ચઢે છે. તેથી બાબા જ્ઞાનમોરલીમાં કહે છે એમ જ્યાં સુધી પાકો રંગ નહીં લાગ્યો હોય ત્યાં સુધી બહાર જતાં જ તેનો રંગ ઉડી જાય છે, માટે પહેલાં પાકો રંગ ચઢાવવાનો છે.

**(અનુસંધાન પેજ નં. 11 પર)**

# મહાન કોણ બને છે?

જીવનમાં વિચારોનું બહુ મહત્ત્વ છે. આપ મહાન બનવા ઈચ્છો છો, તો આપના વિચારો પણ મહાન હોવા જોઈએ. મહાનતાની તસ્વીર પોતાના વિચારોમાં દેખાવી જોઈએ. વિચારો જ આપને મહાન બનાવનારી સામગ્રી છે. શ્રેષ્ઠ વિચારો વિના આપ મહાન બની શકતા નથી.

## મહાન બનાવનાર કેટલાક વિચારો

વ્યક્તિ પોતાના વિચારોનું પરિણામ હોય છે. તે જે વિચારે છે તે જ બની જાય છે.**- મહાત્મા ગાંધી**

લોકોના વિચારોનો નાનો પણ ફરક પરિણામમાં બહુ મોટો ફરક બની જાય છે. તે ફરક છે - દૃષ્ટિકોણનો ફરક. **- ડબ્લયુ કલેમેંટસ્ટોન**

જો આપ વિચારો છો કે આપ અમુક કાર્ય કરી શકો છો. તો આપ સાચા છો. જો આપ વિચારો છો કે નથી કરી શકતા તો પણ સાચા છો.

**- હેનરી ફોર્ડ**

ફક્ત વિચારો જ એટલા શક્તિશાળી હોય છે જે સારા અને ખોટામાં તફાવત કરી શકે છે. જે વ્યક્તિને ઉપર ઉઠાવી શકે છે તો નીચે પણ પાડી શકે છે. **- જ્યોર્જ મરે**

આપને અમારામાં વિશ્વાસ મૂકવો પડશે કે સંસારની મહાન વિભૂતિઓ જો વિચારને આટલું મહત્ત્વ આપતા હોય, તો તે સત્ય જ હશે. જો આ સત્ય છે, તો દરેક હકારાત્મક વિચાર ઘણા મૂલ્યવાન છે. આ સંસારમાં દરેક મૂલ્યવાન ચીજને ખર્ચ કરીને પણ સાચવવામાં આવે છે. તો માનવ વિચારોને કેમ હળવાશથી લે છે? જો વિચારોમાં આટલી શક્તિ છે તો દરેકવાર વિચારતાં પહેલાં મનમાં એ વિચાર ઉઠવો જોઈએ કે આ વિચારો જીવનને સુંદર બનાવશે કે બગાડશે. અવચેતન • મનના વિશેષજ્ઞો કહે છે કે જે આપ સતત વિચારો છો, પૂરી શક્તિથી વિચારો છો તે રીતે તેનાં પરિણામો પણ પોતાની તરફ આકર્ષિત કરે છે. જો આપના વિચાર એટલા શક્તિશાળી છે તો એના ઉપર ધ્યાન રાખવું જોઈએ. જો આપના વિચાર ખરેખર આટલા શક્તિશાળી છે, તો વિચાર્યું હોય છે તે હકીકત બની શકે છે. વિચારવામાં પૈસા ખર્ચવા પડતા નથી. જો વિચારો જીવનને સુખમય અને સમૃદ્ધ બનાવી શકે છે, તો દુનિયાનો દરેક માનવ જે મેળવવા ઈચ્છે છે તે કેમ વિચારતો નથી?

હું જો ઉપરવાળાની, દુનિયા બનાવનારી કમીટીનો એક ભાગ હોત તો વિચારો પર જરૂર ટેક્ષ લગાવી દેત. દરેક માનવને વિચાર કરવાનું મૂલ્ય ચૂકવવું પડે છે. તો આપના એકાઉન્ટમાંથી કંઈક ધન ઓછું થાય છે અને ખરાબ વિચાર પણ.

જો એવું હોત તો આપણે વિશ્વાસની સાથે કહી શકીએ છીએ દુનિયા એના પછી વધુ ખુશહાલ હોત. દરેક માનવ યોજના બનાવીને વિચાર કરતો. દરેક વ્યક્તિ, જલન, હીનતા, નિરાશા, નકારાત્મક વિચારોથી દૂર રહેત. કારણ કે આ અનુત્પાદક વિચારો પર ટેક્ષ લાગતો. ધીરે ધીરે મનુષ્ય વિચારશે કે જો પૈસા ખર્ચવાના છે તો ખરાબ વિચારો માટે શા માટે ખર્ચ કરું?

અમારો કહેવાનો મતલબ છે કે જો આપ માનસિક રૂપથી સામાન્ય છો તો તમને સારા અને ખોટા વિચારોની ખબર ન પડે, ગરીબી અને સમૃદ્ધિના વિચારોમાં ફરક જાણીએ છીએ, તકલીફ એ છે કે આપણે આપણા વિચારો ઉપર ધ્યાન આપતા નથી.

અમારો અનુભવ છે કે માનવે ઊતરતા અને સંકુચિત વિચારોનું મૂલ્ય આજે પણ ચૂકવવું પડે છે.

ભલે એકાઉન્ટમાંથી તરત પૈસાના નીકળે પણ નકારાત્મક વિચારથી સુખ અને સમૃદ્ધિનો એકાઉન્ટ ઓછો થતો જાય છે. આ કારણોને સીધા સમજી શકતા નથી. પણ એનું મૂળ કારણ આપણા વિચારો છે.

આપ મહાનતાના શિખર પર પહોંચવા ઈચ્છો છો તો આપને આપણા વિચારો પર અવશ્ય ધ્યાન આપવું જ પડશે. જ્યારે આપણે આપણા વિચારો ઉપર ધ્યાન આપીએ છીએ તો ખબર પડે છે કે મોટા ભાગે કયા વિચારોના ઘેરામાં હોઈએ છીએ.

જે મુદ્દાઓ આપના નિયંત્રણની બહાર છે એની ચિંતા કરવાને બદલે સમાધાનનું કાર્ય કરો. આપ પોતાના વિચારોને આ રીતે જુઓ અને સ્વયંને જ પ્રશ્ન કરો. - આપ દિવસનો વધારે સમય નકારાત્મક વિચારોમાં વીતાવો છો અથવા હકારાત્મક વિચારોની સાથે ?

અધિકાંશનો ઉત્તર હશે બીમારીનો ભય, કોઈપણ કારણથી અપમાનનો ભય, નુકસાનનો ભય, બીજાની સમૃદ્ધિથી ઈર્ષ્યા, દુર્ઘટનાનો ભય, બાળકોના ભવિષ્યની ચિંતા, ઉચિત માન-સન્માન ન મળવાનું દુઃખ, મૃત્યુનો ભય, તમે બીજાઓ માટે ઘસાઈ છૂટો છો પણ યશ ના મળવાનું દુઃખ.

જો આપણે જોઈએ તો મુખ્ય રૂપથી સંસારમાં ચિંતા અને તનાવનાં બે મુખ્ય કારણો છે.

1. વીતેલા કાળ સાથે જોડાયેલી ઘટનાઓ, જેને આપણે બદલી શકતા નથી.

2. આવનાર ભવિષ્ય સાથે જોડાયેલી અજાણી આશંકાઓનો ડર.

આપણે સૌ માનીએ છીએ કે વીતેલી કાલને બદલી શકતા નથી. એમાંથી માત્ર શીખ લઈ શકીએ છીએ. આમ છતાં પણ વીતેલો કાલ સતાવે છે. સૌની ઈચ્છા રહે છે કે કઈ રીતે ભૂતકાળ અને ભવિષ્યકાળના તનાવથી મુક્ત રહીએ. અમે આપને એ જણાવવા ઈચ્છીએ છીએ કે એના માટે ઓછું વિચારનારા માનવની જગ્યાએ કેમ આપણે શ્રેષ્ઠ વિચારમાં ના બદલીયે?

આવો નિર્ણય લો જેનાથી શક્તિ પેદા થાય. આ રીતે સ્વયંનું, પોતાની વિચારધારા પણ ધ્યાન આપવાથી ખબર પડશે કે આપણી અંદર કઈ ક્વોલિટીનું મટીરીયલ નાખી રહ્યા છીએ. અને વિચાર રૂપે એને વાગોળી રહ્યા છીએ. જો આપણે મહાન બનવા ઈચ્છીએ છીએ તો વિચારરૂપી મટીરીયલ ઉત્તમ ગુણવત્તાવાળું હોવું જોઈએ. નહીં તો એનું મૂલ્ય ચૂકવવું પડશે. તો આપ પોતાની શક્તિને ઉત્કૃષ્ટ બનાવીએ.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 25નું અનુસંધાન)... વિશ્વ પરિવર્તનનો**

નિરાકાર પરમાત્મા - ઈશ્વર, અલ્લાહ, પ્રભુ, ગોડ, ખુદા, યહોવા - અલગ અલગ સ્વરૂપે સર્વમાન્ય છે. તેઓ સર્વજ્ઞ છે. આ સૃષ્ટિના આદિ, મધ્ય, અંતને ખૂબ સરળ રૂપે આપણી સમક્ષ દર્શાવે છે. જીવનના વિવિધ પાસાઓમાંથી પસાર થતા, ઉદ્‌ભવતી સર્વ સમસ્યાઓનું કર્મ-કારણ-નિવારણને સરળ ભાષામાં સમજાવીને, નૈતિક-આધ્યાત્મિક આપણી ઉન્નતિ કરે છે. વિવિધ સમયે જરૂરી આંતરિક શક્તિઓને, સર્વશક્તિવાન હોવાને કારણે, તેઓની સાથેના કનેક્શન - રાજયોગને આધારે, પ્રદાન કરીને, આપણા જીવનને નિર્વિઘ્ન બનાવે છે.

તો ચાલો, આવા સર્વશક્તિવાન, સર્વમાન્ય, સર્વજ્ઞ, સર્વોચ્ચ પરમાત્માને વિશ્વ પરિવર્તનના કાર્યમાં સાથ આપીને ધરતી પર સ્વર્ગ ઉતારી લાવીએ. આવો છે ને?

**॥ ઓમશાંતિ ॥**

## પ્રસંગ પરિમલ

# મદદની રાહ

એક વખતની વાત છે. એક ઘણો જ અમીર માનવ પોતાની ઓફિસથી પોતાની ઘણી મોંઘી ગાડીને ચલાવતો થોડો આગળ વધ્યો. એણે જોયું કે ગાડીઓની વચ્ચે એક બાળક દોડતો પસાર થઈ રહ્યો હતો. એ બાળકને તે જોઈ રહ્યો હતો. ત્યાંથી એક ઈંટ આવીને એની ગાડી પર પડી. એને સમજાતું નહોતું કે આ નાના બાળકે મારી ગાડી ઉપર ઈંટ કેમ ફેંકી? તે ગાડીને રોકીને, ઊતરીને એ બાળકની તરફ દોડવા લાગ્યો. આ જોઈને બાળક ગાડીઓની પાછળ છુપાઈ ગયો. એ માનવે એ બાળકને બહાર કાઢ્યો અને પૂછ્યું કે તેં મારી ગાડી ઉપર ઈંટ કેમ ફેંકી? એ બાળકે ઘણી વિનમ્રતાથી કહ્યું. તમને મારા ઉપર ઘણો ગુસ્સો આવી રહ્યો છે. તમે મને મારવા પણ ઈચ્છો છો. પરંતુ હું શું કરું? કોઈ ગાડી રોકી જ રહ્યું નહોતું તેથી મારે ઈંટ ફેંકવી પડી. હું કેટલાયે સમયથી મદદ માટે પોકારી રહ્યો છું પણ કોઈ મારો અવાજ જ સાંભળતું નથી. ગાડીવાળી વ્યક્તિએ બાળકને પૂછ્યું, બોલ શું કામ છે? તો એ નાના બાળકે કહ્યું કે હું મારા ભાઈની સાથે આવી રહ્યો હતો ત્યારે એક બાઈક સવારે મારા ભાઈને ટક્કર મારી. એના શરીરમાંથી લોહી વહી રહ્યું છે. મારા ભાઈનું વજન એટલું છે કે હું એને ખેંચીને રસ્તાની બાજુ પર લાવી ના શક્યો. જેમ તેમ કરીને ભાઈને રસ્તાની બહાર લાવ્યો. લોકો મારી મદદ કરે એટલા માટે વાહનચાલકોને રોકી રહ્યો છું. પરંતુ કોઈ રોકાયા નહીં. મને મદદ કરો. મારી વાત કોઈ સાંભળતું નહોતું એટલે મારે ઈંટ મારવી પડી. એને ઘેર લઈ જવામાં મોડું થઈ રહ્યું છે.

ગાડીવાળો ભાઈ બાળક સાથે એના ભાઈને જોવા ગયો. બંનેએ મદદ કરીને તેને કારમાં બેસાડ્યો. લોહીના ડાઘાથી એની કાર ખરાબ થઈ ગઈ હતી. છતાં પણ તેને હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડમાં રાખ્યો. જ્યારે તે ભયમુક્ત થયો છે તેવું ડોક્ટરે કહ્યું ત્યારે ગાડીવાળો પોતાના ઘરે ગયો.

આ વખતે ગાડીની સ્પીડ ઘણી ઓછી હતી. એને સમજાયું નહીં કે એની સાથે આવું કેમ થયું છે? ઘેર ગયો. ગાડી પાર્ક કરી અને એ તૂટેલા કાચ ઉપર નજર ગઈ. કાચ સંપૂર્ણ રીતે તૂટી ગયો હતો. આમ છતાં એણે વિચાર્યું કે કાચ એમના એમ રહેવા દઈશ. તે મને યાદ અપાવશે કે જિંદગીમાં એટલા કઠોર ના બનો જેથી જિંદગીને ઈંટ મારીને યાદ અપાવવી પડે કે કોઈ આપની પાસે મદદ માટે રાહ જોઈ રહ્યું છે.

॥ ઓમશાંતિ ॥

- **કોઈપણ સમુદાય, સમાજ, સંસ્થા યા દેશનું ઉત્થાન એના ઉપર આધારિત છે કે એના પ્રશાસકોમાં પરસ્પર સ્નેહ અને ત્યાગની ભાવના કેટલી છે. ત્યાગ નથી, સ્નેહ નથી તો ઈર્ષ્યા-દ્વેષના અગ્નિમાં સર્વકાંઈ બળીને**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati



ખેડા ટાઉનશીપ પોલીસ સ્ટેશન ખાતે કોરોના વોરીયર PSI ભ્રાતા મણિભાઈ અન્સારીનું શૉલ પહેરાવી સન્માન કરતાં બ્ર.કુ. દક્ષાબેન.



રાજકોટ મેહુલનગર ખાતે 'કોરોના વોરીયર્સના સન્માન સમારોહ'માં PSI ભગિની કૈયાબેન ચોટલીયાને મોમેન્ટો આપતાં બ્ર.કુ. ચેતનાબેન.



ઓલપાડ એસ.ટી. બસ ડેપો મેનેજર ભગિની રોશનીબેન ગાંધીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ધર્મિષ્ટાબેન.



ગોંડલની ત્રિશુલ ઈન્ડસ્ટ્રીના ડાયરેક્ટર ભ્રાતા મહેશભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ભાનુબેન.




વિરમગામ લાયન્સ ક્લબના પ્રમુખ ભ્રાતા મૃતૃજાભાઈ પટેલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ધર્મિષ્ટાબેન સાથે લાયન સભ્યો.



શહેરામાં ૧૫મી ઓગષ્ટના કાર્યક્રમમાં મામલતદાર ભ્રાતા મેહુલભાઈ, નગર સેવાસદનના ઉપપ્રમુખ ભ્રાતા પ્રદીપભાઈ સાથે બ્ર.કુ. રતનબેન.



વ્યારામાં પરપ્રાંતી શ્રમિકોને ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. અરુણાબેન સાથે મ્યુનિસિપલ ચીફ ઓફિસર ભ્રાતા શૈલેષભાઈ પટેલ.



તારાપુર સેવાકેન્દ્ર પર પધારેલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ભ્રાતા કે.એસ.ચૌધરીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. હસુબેન.

**Gyan Amrit** Vol.13. | Issue 9 | September 2020 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Pubished on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December-2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



અમદાવાદ મહાદેવનગર ખાતે રાજ્યસભાના MP ભ્રાતા નરહરિભાઈ અમીન, ભગિની નીતાબેનને રક્ષાબંધનનો સંદેશ આપતાં યુવા પ્રભાગના રાષ્ટ્રીય સંયોજીકા બ્ર.કુ. ચંદ્રિકાબેન.



વડોદરા મંગલવાડી સેવાકેન્દ્ર પર પધારેલ શ્રેય હોસ્પીટલ ચાઈલ્ડ સ્પેશીયાલીસ્ટ ડૉ. અમિષાબેન મણીયારને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રાજબેન.



અમદાવાદના જગન્નાથ મંદિરના મહામંડલેશ્વર સ્વામી શ્રી દિલીપદાસજી મહારાજને રક્ષાબંધન કરતાં ધાર્મિક પ્રભાગના રાષ્ટ્રીય સંયોજીકા બ્ર.કુ. ઉષાબેન સાથે બ્ર.કુ. ડૉ. મુકેશભાઈ.



અમદાવાદ સુખશાંતિ ભવન સેવાકેન્દ્ર પર પધારેલ અમદાવાદ રેન્જના IGP ભ્રાતા કે.જી.ભાટી IPSને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. નેહાબેન.



જુનાગઢ શહેરના અગ્રણીઓને શાંતિની શક્તિનો નિજ અનુભવ સંભળાવતા બ્ર.કુ.રતનદાદા (લંડન) સાથે બ્ર.કુ. રતનાબેન, બ્ર.કુ. બીનાબેન તથા બ્ર.કુ. દમયંતિદીદી



છોટાઉદેપુરના નવનિયુક્ત સુપ્રિન્ટેન્ડટ ઑફ પોલિસ ભ્રાતા ધમેન્દ્ર શર્મા IPSનું સ્વાગત-સન્માન કર્યા બાદ રક્ષાસૂત્ર બાંધી ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. મોનિકાબેન.

**If Undelivered Please Return To :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com